Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજી.

જેમની છઠ્ઠી પુણ્ય તિથિ પોષ શુદિ ૧૧ ના રોજ ઉજવવામાં આવી હતી.

પોષ—મહા

પુસ્તક ૬૭ મું ] પ્રગટકર્તા— [ અંક ૩-૪

ઇ. સ. ૧૯૫૧ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૭૭ ભાવનગર વિ સં. ૨૦૦૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું અંક ૩-૪ | પોષ—મહા | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


१ શ્રી અભિનંદન જિનસ્તવન ... ... ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) ૫૩
२ श्रद्धेय कुंवरजी को हृदय श्रद्धांजलि ... ... ( રાજમલ ભંડારી ) ૫૪
३ गुणीयों का गुणगान... ... ... ... ( શ્રી લક્ષ્મીચંદજી ) ૫૫
४ દર્શન ... ... ...("સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ ) ૫૬
૫ સાધુ ગુણ સ્વાધ્યાય ... ... ( સંપાદક-મોહનલાલ ગિરધર-પાટણ ) ૫૭
૬ પ્રશ્નોત્તર ( પ્રશ્નકાર—શ્રી ઉત્તમચંદ ભીખાચંદ–પુના કેમ્પ ) (સ્વ શ્રી કુંવરજીભાઇ ) ૫૮
૭ વૈરાગ્યની ભૂમિકા ... ... ( "સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ ) ૬૦
૮ સાહિત્યવાડીનાં કુસુમો : : માટીમાંથી માનવ (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૬૩
૯ સીતા વનવાસ ગમન... ( સાહિત્યપ્રેમી શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) ૬૬
૧૦ પંચસંગહપગરણનું પર્યાલોચન : ૨ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) ૭૧
૧૧ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા : (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M.B.B.S.) ૭૪
૧૨ વ્યવહાર કૌશલ્ય : ( ૨૯૯-૩૦૦ ) ... ... ( મૌક્તિક ) ૭૮
૧૩ ગ્રંથ-સ્વીકાર ... ... ... ... ... .. ... ૮૦


## પૂજા ભણાવવામાં આવી.

સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇ આણંદજીની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને ગુરુવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા** ભણાવવામાં આવી હતી.


## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

### [ નવી આવૃત્તિ-અર્થ સાથે ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

**લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું. અંક ૩-૪
: પોષ–માહ :
વીર સં. ૨૪૭૩ વિ. સં. ૨૦૦૩

## શ્રી અભિનંદન જિન સ્તવન.

( શ્રી અજિત ભવજળનો તારૂ–એ દેશી. )

શ્રી જિનચરણની સેવા કેવા, મુજ મન શિવફળ લેવા રે; જગજન વિશરામી.
અભિનન્દન જિનચરણની સેવા, કરતાં નર તિરિ દેવા રે. જગજન વિશરામી. ૧
ચરમાવર્તે જે નવિ આવે, જિન સેવા નવિ પાવે રે; જગજન વિશરામી.
મુક્તિતણો અભિલાષ ન હોવે, સેવા–ફળ કિમ થાવે રે ? જગજન વિશરામી. ૨
ભવ્ય જીવ જે ચરમાવર્તે, ગ્રન્થીભેદ થશાવે રે; જગજન વિશરામી.
ચરણની સેવા–ફળ તે પાવે, સમકીત આપ દહાવે રે. જગજન વિશરામી. ૩
પરિજ્ઞાતાત્મનિશ્ચય જે હોવે, આચારક કરે દૂરે રે; જગજન વિશરામી.
પ્રભુ તુજ ચરણની સેવા જોરે, નિજમાં તુજ રૂપ જૂવે રે. જગજન વિશરામી. ૪
આતમરૂપતા આતમ જાણે, બહિરાતમ નવિ જાણે રે; જગજન વિશરામી.
પરમાતમપદ સેવા ટાણે, ટાણું આપ વખાણે રે; જગજન વિશરામી. ૫
જિનપદ સેવા ટાણે રાચે, ભાવ લબ્ધિ શુભ રાગે રે; જગજન વિશરામી.
પરમાતમપદ પ્રેમે પાચે, રુચકવિજય નિજ રંગે રે. જગજન વિશરામી. ૬

મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रद्धेय कुंवरजी को हृदय श्रद्धांजलि।



श्रद्धालु परम हितेषी आदर्श श्रावक हो गये।
ध्येय रख परमार्थ का आत्मा को निर्मल कर गये।
यत्ना से होता कार्य ऐसा यह प्रत्यक्ष बतला गये।
कुतर्क करनेवालों का अज्ञान संशय हर गये॥
वस्तुस्थिति समझाय कर प्रश्नोंका उत्तर दे गये।
रहकर सदा समदृष्टि से सम्यकत्व यह विकसा गये॥
जैन धर्म को करके हृदयंगम, 'प्रकाश:' में प्रगटा गये।
कोई भी आया पास उनसे ज्ञान-गोष्ठी कर गये।
हृदय से आत्मवत् सब को समझकर प्रेमको प्रगटा गये।
दया से ओतप्रोत हो कर पांजरापोल को अपना गये॥
यशस्वी जीवन बीताकर ज्ञानमय और धर्ममय ही हो गये।
श्रद्धा के ओ परमपात्र! प्राण सभा के कहा गये॥
धार कर व्रत बार को साधुचरित से बन गये।
जहेमत उठाकर प्राण से साहित्य-सेवा कर गये॥
लीनी प्रतिज्ञा वरतेज नदी पर, वह ज्ञान-नीर वहा गये॥

राजमल भण्डारी–आगर (मालवा).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गुणीयों का गुणगान।

धरमपुरी सहर भावनगरमें हो गये है।
ज्ञानी जैन श्रावक सवरगीय कुंवरजीभाई रहे नाम।
आणंदजी के सुपुत्र हैं आप गुणवान॥
साधु और श्रावको के कठीण परसनोंका।
उत्तर सरलता से देते थे आप वारवार॥
श्री जैनधर्म प्रसारक सभा।
भावनगर के थे आप पीराणा॥
श्री जैनधरमपरकास की सेवा करी है वरस ६०
इसी श्री जैनधरमप्रकास के पढ़ने से॥
हमारे जैसे अनेकों का थया है बड़ा उपकार।
साधु समान गुणों के धारक थे आप॥
साधु साधवीयो के विद्यागुरु थे आप।
आपके विषय में एक दफा कहा था॥
भावनगर के दीवान सवरगीय।
सर प्रभासंकर पटणी. साहेब॥
हमकू सीरफ एक ही वयकती।
सीरफ कुंवरजीभाई ही एक मीला था॥
हमारे से इतनी घनी सटा होने पर भी।
आप सवारथ की जीसने हमसे॥
कभी भी भी कोई तरह की नइ करी माग।
एसे नीरलोभी वयकतीका ही॥
दुनीया करती है आदर-सनमान।
हम आपसे आपके गर पर हुबहु मील करके॥
आपके अमृतमय वाणी का कीया था पान।
अब वो सुभ वेला हरदम आती है याद॥
मद्रास से सेठ लक्ष्मीचन्द करता है।
आपको कर जोड लाखो करोडो परणाम॥

शेठ लक्ष्मीचंदजी–मद्रास.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દર્શન

હે દીનવત્સલ કૃપાસિંધુ જગતનાયક શ્રી પ્રભુ,
દર્શનતણી મુજ ભાવના દિલમાં રહી છે હે વિભુ;
તું ક્યાં વસે છે કવણ દેશે ગામ નામ બતાવ તું,
તે માર્ગ ક્યાંથી ક્યાં જવાશે તાહરા ચરણે વસું. ૧
જ્ઞાની બતાવે તું અરૂપી શુદ્ધ રૂપાતીત તું,
તુજ રૂપ વિણ કિમ થાય દર્શન નવલ ભાસે હે વિભુ;
મુજ નયનને છે ટેવ જોવા રૂપ જડતું જે હશે,
ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ દેખાશે મને કિમ ભાસશે? ૨
જ્ઞાની કહે જોયું અને છે જાણિયું તુજ રૂપને,
એ કૂટ શું છે ગૂઢ એમાં નિરખવાનું રૂપને;
મુજ ચર્મચક્ષુની નથી શક્તિ અલૌકિક જાતની,
જ્ઞાનીતણી કોઇ વિમલ નયને હોય શક્તિ અપૂર્વની. ૩
અવ્યય અનંત સુભવ્ય નિર્મળ મૂર્તિ તારી મન હરે,
સાચા સ્વરૂપે કેમ દીસે પ્રશ્ન શાંતિને હરે;
મુજ નયનવિણ કિમ દૃશ્ય દીસે શ્રવણ વિણ કિમ સાંભળું ?
તારું અલૌકિક રૂપ ને મંગલ ગિરામૃત જે ભલું. ૪
એ નયન નહિં મુજ શ્રવણ ક્યાં છે જાણવા જોવાતણા,
જ્ઞાની જને જે ગુપ્ત રાખ્યા એમ ભાસે છે ઘણા;
હું આંધળો ને બધિર પંગુ શક્તિવિણ પામર ઘણો,
કોને કહું ને ક્યાં કરુ હુ દર્શનોત્સુક છું ઘણો. ૫
માર્ગે ચડાવો દર્શનોન્મુખ મુજતણે પ્રભુજીતણા,
જેથી કદી પાવન બનું હું દર્શને જિન દેવના;
હું આથડવો પડતો રવડતો વિમલ આલંબન વિના,
પણ શાંતિ મુજને ક્યાં ન દીઠી જિનતણાં શાસ્ત્રો વિના. ૬
કોઇ દિવ્ય નયનો દિવ્ય શ્રવણો આપજો મુજ એહવા,
જેથી નિહાળું રૂપ જિનનું સાંભળું ધ્વનિ જેહવા;
એ ચર્મચક્ષુ બંધ કરતા આત્મચક્ષુ દીપશે,
એ ચર્મશ્રવણો બંધ થાતા દિવ્ય નાદ જ આવશે. ૭
એ અસ્થિના ને રુધિરમય જડ માંસ મજ્જા પાંજરે,
બાંધ્યો ફરું છું અંધ થઇ શાંતિ મને નહીં ક્યાં જડે;
તેથી ન દર્શન થાય છે આત્મા અને પરમાત્મના,
બાલેંદુની એ પ્રાર્થના જ્ઞાનીતણા શુભ ચરણમાં. ૮

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુ ગુણ સ્વાધ્યાય.

(વીરા મ્હારા વાડી વાવીએ-એ દેશી.)

સદ્ગુરુ વચણને સદ્દહે અલવે અલીક ન આખે,
અનુભવ રસ ઉજ્જલપણે ચાવી પરિચાખે (૧)
મુનિવર તે જગ જાણીએ સાચા સદ્ગુરુ તેહ વખાણીએ એ ટેક

અશુભ કરમ નવી આદરે શુભ ધ્યાન સંયોગે,
અરસ વિરસ અસનાદિકે પોખે પિંડપ્રયોગે—મુ૦ ॥ ૨ ॥

પરમ ભેદ ન પામતા પામે ભેદ પોતાના,
વાણી વદે વીતરાગની સારે અર્થ શ્રોતાના—મુ૦ ॥ ૩ ॥

અવગુણ ગુણ કરી લેખવે પરપીડ ન દેવે,
જયણા ને ઝરણા કરી જગમાં જસ લેવે—મુ૦ ॥ ૪ ॥

મુનિવર મન વચ કાયાના યોગ જાળવી જાણે,
ભેદ આગમ દ્રવ્ય ભાવના વિશેષ વખાણે—મુ૦ ॥ ૫ ॥

વિપરીત વાતથી વેગળા રહે નિજ ગુણ રાસી,
વિનય વિવેકથી પામતા સઘલી શાબાસી—મુ૦ ॥ ૬ ॥

સમસેર કર ગ્રહી સાચની મોહનાં દલ મોડે,
કર્મ જંજીરને કાપતાં રૂષિ મન્મથ રોડે—મુ૦ ॥ ૭ ॥

કોડિ ્કટક જીતે જિકો નર સુરો તે નિરખો,
તેહથી મન જીતે તિકો પૂરો તેહ જ પરખો—મુ૦ ॥ ૮ ॥

અવિચલ વાસના આસકી કાંમિત મન કરણા,
જાલિમ તે કહીયે યતી દુઃખ દાલિદ્ર હરણા—મુ૦ ॥ ૯ ॥

હુઆ છે વલી કે હુસ્યે મુનિ મહિયલમાંહિ,
જીવ જીવન પદ તેહના પ્રણમે ઉચ્છાંહી—મુ૦ ॥ ૧૦ ॥

સાધુગુણસ્વાધ્યાય સંપૂર્ણ-પં૦ દોલતવિજય લિખિત તે ઉપરથી જિનગુણ-ગાયક (ભોજક) મોહન ગિરધરે લખેલ-પાટણ-ગુજરાત

સંપા૦ **મોહનલાલ ગિરધર—પાટણ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

**પ્રશ્નકાર—શ્રી ઉત્તમચંદ ભીખાચંદ—પુના કેમ્પ.**

**ઉત્તરદાતા-સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઈ.**

પ્ર–૧ સીંગદાણા જમીનમાં થાય છે છતાં તે કંદમૂળમાં કેમ ગણાતા નથી?

ઉ—સીંગદાણામાં સાધારણ વનસ્પતિનું કોઇ પણ લક્ષણ ન હોવાથી તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે.

પ્ર–૨ ગાય વિગેરે પશુઓનું દૂધ કેટલા દિવસ પછી વાપરી શકાય (વીયાયા પછી)?

ઉ—બાર દિવસ પછી વાપરી શકાય.

પ્ર—૩ ભાદરવા શુદિ એકમે મહાવીરસ્વામીનો જન્મોત્સવ માની શ્રીફળ વધેરવામાં આવે છે તે યોગ્ય ગણાય છે?

ઉ—આ બાબત ઘણા વર્ષોથી ચાલી આવે છે અને તેના નીવારણ માટે ઘણો ઊહાપોહ થયો છે, પણ નીવારણ થઇ શકયું નથી. તેથી તરતમાં તે બાબતમાં કંઇ કરવા યોગ્ય લાગતું નથી.

પ્ર ૪– નવકારશીનું પચ્ચખાણ સૂર્યોદય પછી ૪૮ મિનિટે પારી શકાય છે તેવો ચોવિહાર માટે સાંજે કંઇ નિયમ છે?

ઉ—ખાસ નિયમ વાંચવામાં આવ્યો નથી, પરંતુ સુજ્ઞ શ્રાવકો બે ઘડી દિવસ હોય ત્યારે ચોવિહાર કરે છે અને કેટલાએક સૂર્યાસ્ત સુધીમાં ગમે ત્યારે કરે છે.

પ્ર—૫ સ્નાત્ર કરવા માટે પધરાવવામાં આવતી પંચતીર્થની પ્રતિમા પ્રક્ષાલન કરેલી પધરાવવી કે આગલા દિવસની પૂજા કરેલી પધરાવી શકાય?

ઉ— તેને માટે ખાસ નિયમ જાણ્યો નથી, પરંતુ પ્રક્ષાલન કરેલી પ્રતિમા પધરાવાય તે ઠીક લાગે છે.

પ્ર—૬ શ્રાવકથી ગ્રહણ જોઇ શકાય?

ઉ— તેમાં ખાસ બાધ જાણ્યો નથી, પરંતુ તે વસ્તુ જોવા જેવી નથી.

પ્ર—૭ દૂધ વાસી ગણાય?

ઉ— દૂધને વાસી ગણી શકાય. તે રાત્રિ વ્યતીત થયે વાપરવું નહીં, કારણ કે તે બગડી જાય છે ને વિકૃતિ પામે છે.

પ્ર—૮ ગુલાબજળ વાસી ગણાય?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ— ગુલાબજળ અચિત્ત છે.

પ્ર—૯ મસુર ભક્ષ કે અભક્ષ ?

ઉ— મસુર દાણા અને તેની દાળ ભક્ષ્ય ગણાય છે.

પ્ર–૧૦ ' શાશ્વતા જિન વંદુ તેહ ' એ પદમાં 'શાશ્વત' શબ્દનો અર્થ શું ?

ઉ— જે વસ્તુ ત્રિકાળ એક સ્વરૂપમાં રહે તે શાશ્વત ગણાય છે.

પ્ર–૧૧ શાશ્વતી પ્રતિમાઓ કયાં છે ?

ઉ— ઊર્ધ્વ, અધો ને તીર્છા લોકમાં જ્યાં જ્યાં શાશ્વતા ચૈત્યો ( સિદ્ધાયતનો ) છે. ત્યાં ત્યાં તે ચૈત્યોમાં શાશ્વત પ્રતિમાઓ છે. તેને માટે જુઓ ' સકળતીર્થ '

પ્ર–૧૨ પપો તો પરખ્યો નહીં, દદો કીધો દૂર; લલો શું લાગી રહ્યો, નન્નો કર્યો હજૂર તેનો અર્થ શું ?

ઉ— પપો=પુન્ય પાપ, પરખ્યા નહીં, ઓળખ્યા નહીં દદો–દાન, કીધો દૂર–દાન આપ્યું નહીં; લલો–લલના સ્ત્રી, શું લાગી રહ્યો–તેના પાશમાં પડ્યો. નન્નો–લેવા આવનારને ના પાડવી, કર્યો હજૂર–એવી કહેવાની ટેવ કાયમ રાખી.

પ્ર—૧૩ સોહમને ઘરે પર્વદીવાળી, અંબર ખેલે અમરા બાળી–તેનો અર્થ શું ?

ઉ— સૌધર્મ દેવલોકમાં દીવાળી વર્તી રહી છે ને આકાશમાં દેવાંગનાઓ ક્રીડા કરી રહી છે.

પ્ર—૧૪ રજની વાસર વસતી ઉજ્જડ, ગયણ પાયાલે જાય; સાપ ખાઇને મુખડું થોથું, એ ઉખાણો ન્યાય. તેનો અર્થ શું ?

ઉ— મન રાત્રે ને દિવસે, આકાશમાં ને પાતાળમાં, વસતીમાં ને ઉજ્જડ સ્થળમાં જાય છે; પરંતુ તેના હાથમાં કાંઇ આવતું નથી એ વાત ' સાપે ખાધો ' એમ કહેવાય છે; છતાં સાપના મોઢામાં કંઇ આવતું નથી તેના જેવી છે.

પ્ર—૧૫ સાધુ મુનિરાજને ખાદી વહોરાવી શકાય ?

ઉ— હા, વહોરાવી શકાય.

પ્ર—૧૬ બેસણાનું પચ્ચખાણ નવકારશીથી પારી શકાય ?

ઉ— પારી શકાય એવી પ્રવૃત્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈરાગ્યની ભૂમિકા.

લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,–માલેગામ

રાગ એટલે પ્રેમ, મોહ, આસક્તિ અને વિરાગ એટલે એના વિરોધી પ્રેમ રહિતપણું, આસક્તિ અગર મોહ ન હોય તે વિરાગ. એ ગુણને જ વૈરાગ્ય કહેવામાં આવે છે. મનુષ્યને પોતપોતાની પરિસ્થિતિને અનુસરી અમુક વસ્તુ પરત્વે મોહ કે આસક્તિ જરૂર હોય છે. એ વસ્તુનું સાનિધ્ય એને ગમે છે. એ વસ્તુનો ઉપભોગ એને સુખકારક લાગે છે. પરિસ્થિતિને અનુસરતો તેમાં તરતમ ભાવ હોય છે, પણ દરેક મનુષ્ય એ આસક્તિ કે રાગમાં જરૂર ફસાય છે. વય પરત્વે પણ એ રાગ અથવા મોહ જુદું જુદું રૂપ ધારણ કરે છે. બાલકને જે વસ્તુમાં રાગ ઉત્પન્ન થાય છે, જે વસ્તુ માટે એ ધમપછાડા મારે છે, જે વસ્તુ મેળવવા માટે એ રડવા બેસે છે એ જ વસ્તુ યુવાનને મન એક કોડીની પણ કીંમતની હોતી નથી. ઉલટાની એ વસ્તુ નકામી એટલું જ નહી પણ ઉપદ્રવ આપનારી ભાસે છે. એની આગળ વધતા યુવાનના મોહના, રાગના વિષયો જુદા જ હોય છે. જે વસ્તુ કે વ્યક્તિ માટે એને મોહ જાગે છે તે વસ્તુ કે વ્યક્તિ એને ન મળે તો એ પોતાના પ્રાણ અર્પણ કરવાને તૈયાર થાય છે. બીજાની દૃષ્ટિથી એ તદ્દન મૂર્ખાઈ જ હોય છે, પણ રાગ એટલો પ્રબલ થાય છે કે વિરાગની ત્યાં સંભાવના જ જોવામાં આવતી નથી. એના પ્રેમનો વિષય થએલ વ્યક્તિ જો એના તરફ તિરસ્કાર કે અભાવની ભાવના ધારણ કરે તો એને જાણે આખું આયુષ્ય અને જીવન ખારા ઝેર જેવું લાગે છે. દ્રવ્યનો નાશ એને આપઘાત કરવા પ્રેરે છે. ભલભલા હિંમતવાન દૃઢ મનવાળા પણ એ રાગના ભોગ થઈ જાય છે. અને અનંત જન્મના પુણ્યના સંયોગથી મેળવેલ માનવ જન્મ એ ખોઈ બેસે છે. મતલબ કે રાગ કે મોહ એટલો માનવનો ભયંકરમાં ભયંકર શત્રુ છે કે બધો વિવેક અને વિચાર એના માટે વ્યર્થ થઈ પડે છે. વૃદ્ધ અને સંસારની અસારતા તેમજ સંસારમાં અનુભવેલા કટુ પ્રસંગો નજરે જોએલા છતાં એનો રાગ જરા પણ ઓછો થતો નથી. ઘડપણમાં પણ અનંતકાલની ટેવને લીધે અનેક વસ્તુઓના ઉપભોગની લાલસા કાયમ જ રહે છે. અનેક જાતના કૃત્રિમ ઉપાયો યોજીને પણ એ પોતાને વ્હાલી વસ્તુ માટે તલપાપડ થઈ જાય છે. રાગ એટલો બધો પ્રબલ હોય છે કે, વિરાગની ઘણી વસ્તુઓ અને કથાઓ જાણવા છતાં એના કટુ વિપાકના ફળો વિષે પોતે વારંવાર બીજાઓને ઉપદેશ આપવા છતાં પોતા ઉપર પ્રસંગ આવતા તે કાયર બની જાય છે. અને રાગને વશ થઈ રાગના કારણોને સેવ્યા જ કરે છે. એ બીજાઓને ઉપદેશ આપે છે, એ ઉપદેશ **परोपदेशे पाण्डित्यम्** જેવો હોય છે. ઉપદેશ આપવો સહેલો છે, પણ પોતા ઉપર પ્રસંગ આવતા વિરાગ ધારણ કરી રાગ છોડવો એ ભલભલા માટે મુશ્કેલ થઈ પડે છે. ત્યારે વૈરાગ્યની વાતો કરતા રહેવું અને સંસારની ક્ષણભંગુરતા બોલતા રહેવું એ નિતાંત દંભ નહીં તો બીજું શું કહેવાય?

એકાદ બજારમાં રમકડાની દુકાને નાના બાલકોને લઈ જઈએ. ત્યાં અનેક જાતના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંગીન રમકડા જોઈ બાળકો તે લેવા માટે માબાપોને આગ્રહ કરે છે. માબાપો જાણે છે કે-એ રમકડામાં કાંઇપણ સત્વ નથી. ઘેર જતાં સુધીમાં તો બાળકો એ ભાંગી નાખશે. એ દેખાતો હાથી, ઘોડો કે મોટર અગર એંજીન તદ્દન નિરુપયોગી અને દેખાવ માત્રના છે. એમાં તે તે વસ્તુઓનો આભાસ ઉત્પન્ન કરવામાં આવેલ છે. એમાં સત્યનો અંશમાત્ર પણ નથી. એથી માબાપોને પોતાના અનુભવ-જ્ઞાનથી ખાત્રી હોય છે કે-એ વસ્તુ ખરીદ કરવી એ બાળબુદ્ધિ છે. મતલબ કે, એમને એ રમકડા માટે જરાએ ઉત્સુકતા કે મોહ ઉત્પન્ન થતો નથી. કારણ વસ્તુનું અંતરંગ એણે જાણી લીધેલું હોય છે. વૈરાગ્યની ભૂમિકા લગભગ એવી જ હોય છે. જ્ઞાની અને અનુભવી સંતપુરુષોની વૈરાગ્યદશા એવી જ હોય છે. ગમે તેવું સુંદર રૂપ હોય એના ઉપર એને જરાપણ રાગ ઉત્પન્ન થતો જ નથી. ગમે તેટલી સ્વાદિષ્ટ ઘૃતશર્કરા યુક્ત પકવાનની વાનીઓ એમની આગળ મૂકવા છતાં એમની જીભને પાણી છૂટતું નથી. નીરસ આહારમાં અને પકવાનમાં એની દૃષ્ટિને ભેદ જણાતો જ નથી. એ વસ્તુ ખાતો હોય છતાં એને કોઇ સ્વાદનો અનુભવ થતો નથી. અરે! આપણે જમ્યા કે ભૂખ્યા છીએ એનું પણ એને સ્મરણ રહેતું નથી. આત્માનુભવના આનંદમાં એનું ચિત્ત ઓતપ્રોત થએલું હોવાને લીધે એની ઇંદ્રિયો પોતપોતાના કામ માટે સ્થગિત કરી દે છે. એના મગજ સુધી ઇંદ્રિયોના અનુભવો જઇ જ શકતા નથી. વાતોના સ્વાદમાં આપણે એટલા પરોવાઇ જઇએ છીએ કે, બારનો ટકોરો ઘડીયાળ વગાડે અગર કોઇ માણસ આપણી પાસેથી કોઇ વસ્તુ ઉચકી જાય છતાં આપણે તેનો અનુભવ કરીએ નહીં. પાછળથી જાણ થતાં આપણને આશ્ચર્ય લાગે એવી સ્થિતિ વિરાગી મનુષ્ય અનુભવે છે અને એને જ વૈરાગ્ય કહે છે.

ઐહિક વસ્તુઓ માટે જરાએ આકર્ષણ ન હોય, તે માટે આતુરતા ન હોય. એ મેળવવા માટે પ્રયત્ન સરખો પણ ન હોય, એ મળતાં જરાએ આનંદ ન હોય કે જતા જરાએ ખેદ ન હોય એવી સ્થિતિ અનુભવવી એ વિરાગનું લક્ષણ કહેવાય. એ જ વૈરાગ્ય નામ ધારણ કરી શકે. ઘણાય વૈરાગીઓ હોય છે. વેષ કે લિંગ ધારણ કરવાથી વૈરાગ્યપણું થતું નથી. તેને માટે આત્માનુભવ અને દિવ્યદૃષ્ટિ ઉઘડવી જોઇએ-પછી તે લિંગધારી હોય કે ન હોય. એ દિવ્યનયન ઉઘડ્યા પછી વૈરાગ્ય માટે વિશેષ પ્રયત્ન કરવાની જરૂર હોતી નથી. તે સ્વાભાવિક રીતે ખીલે છે. વૈરાગ્ય ધારણ કરનાર શરીર ધારણ કરી તે શરીર પાસે સેવા કરાવી શકાય તે માટે જ ભોજન કરે છે. શરીર પડી ન જાય તે માટે જ અન્ન ગ્રહણ કરે છે. એવી સ્થિતિમાં એને સ્વાદ કયાંથી હોય? અંગ ઢાંકી, લોકોની સાંનિધ્યમાં આવી, એમના કલ્યાણનો માર્ગ બતાવવાનો એનો હેતુ હોય છે. એટલા માટે જ વસ્ત્ર ધારણ કરવાના હોય છે. એ વસ્ત્ર સુંવાળું છે કે ખરબચડું છે એ જોવાની ફુરસદ જ તેને કયાં હોય છે?

આ બધું થયું બાહ્ય વસ્તુઓ સંબંધી મોહનું વિવેચન, પણ અંતરંગ વિકારો અને વિચારો જીતી તેનો રાગ છોડવો એ અત્યંત મુશ્કેલ વસ્તુ છે. ભલભલા વિચારક, શાસ્ત્રજ્ઞ અને લોકમાન્ય પુરુષોને પણ એ રાગ છોડવો અને વિરાગ ધારણ કરી વૈરાગ્ય મેળવવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશક્ય થઈ પડે છે. એમનામાટે એ રાગ, નાગ જેવો થઇ પડે છે. એ રાગરૂપી નાગના પાશમાં બદ્ધ થઇ જાય છે. અને એ રાગ–નાગ એને પોતાના ઝેરથી વૈરાગ્ય દૃષ્ટિથી મૃતપ્રાય કરી નાખે છે. તેમાંથી છૂટવું એ અત્યંત દુષ્કર હોય છે. પોતા પાસે કોઇ આવે અને વંદન ન કરે ત્યારે એના ક્રોધની માત્રા વધી જાય છે, સામા માણસની ઉદ્ધતાઇથી એ પોતાને આઘાત થયો ગણે છે. ઉદ્ધત માણસની કૃતિથી એ પોતાનું સ્થૈર્ય ગુમાવી બેસે છે. એનો અહંકાર પ્રગટ થઇ એના આત્મપ્રદેશોનો કબ્જો મેળવી લે છે. એ એવું સમજે છે કે, આ ઉદ્ધત માણસે મારું અપમાન કર્યું છે. એને શિક્ષા કરવી એ મારું કામ છે. એમ વિચારી પોતાનું સાધુપણું કે સજ્જનપણું એ ખોઇ રાગી દશા અનુભવે છે. પોતાના આત્મશત્રુને જ એ મિત્ર માનવા માંડે છે. પોતાના અહંકારને એ ઉત્તેજન આપ્યે જ જાય છે. અને વિરાગને બદલે રાગી દશા એ અનુભવે છે. એવો પુરુષ ભલે લિંગધારી હોય તો પણ વૈરાગ્યભાવ અનુભવી શકતો નથી. વૈરાગ્યનું પગથિયું ચૂકી એ રાગી દશામાં ગબડી પડે છે. ત્રિરાશી સ્થાપન કરનાર નિહ્નવની પેઠે એ પોતાના અસત્ય વિચારો જ સિદ્ધ કરવા મથે છે, અને અનંત સંસાર પરિભ્રમણ કરવા માટે મોહરાજાને આમંત્રણ જ કરે છે. પોતાના અમુક વિચારો પોતાના મુખમાંથી સરી પડ્યા એટલા માટે જ એને પુષ્ટિ આપવાનો એને મોહ જાગે છે. પોતાની કૃતિ કે વર્તનનું પરિણામ શું આવી રહ્યું છે ? તેથી જન કલ્યાણ થાય છે કે શાસનની અવહેલના થાય છે ? એવી એને જરાએ પણ પડી હોતી નથી. એ રાગરૂપી નાગના પાશમાં બદ્ધ થએલ હોવાથી એને સ્વયંમન્યના બીજું સુઝવા જ દેતી નથી. પોતાની અહંમન્યતા એ જ એનો ઇષ્ટ દેવ થઇ બેસે છે. બીજી કોઇ દૃષ્ટિ એના માટે ખુલ્લી હોતી જ નથી.

પોતાના હાથે જરા જેવું પુણ્ય કાર્ય થઇ જાય એનું બધું કર્તૃત્વ એ પોતા તરફ ખેંચી જયાં ત્યાં પોતાના સ્તુતિ–સ્તોત્રો ગાતો ફરે છે. કોઇ પોતાની સ્તુતિ કરે તેથી ફુલાઇ મનમાં મલકાય છે. એ સ્તુતિ સાંભળી પોતા જેવો જગતમાં કોઇ જ નથી. એવા અત્યંત ફસાવનારા વિચારો જ એને સૂઝે છે. ધીમે ધીમે એ પોતાને સર્વજ્ઞ ગણવા માંડે છે અને પોતે જગજ્જેતા છે એમ પોતાને માની અત્યંત ઊંડી ખાઇમાં જઇ પડે છે. એવા પુરૂષને વૈરાગ્યની સંભાવના કયાંથી હોય ? એ પોતાને છદ્મસ્થ તરીકે પણ માનતા અચકાય છે. પોતાથી બધા જ ઉતરતા હોય. બીજાઓનું જ્ઞાન ઓછું જ હોવું જોઇએ, એવો ભ્રમ એ સેવે છે અને જ્ઞાન મેળવવાના બધા જ માર્ગો એના માટે બંધ થઇ જાય છે. **बालादपि सुभाषितं ग्राह्यम्** એ વસ્તુ એના માટે નકામી ઠરે છે. એના માટે વિરાગના કે જ્ઞાનવૃદ્ધિના બધા જ દરવાજા રૂંધાઇ જાય છે.

બાહ્ય જણાતી વસ્તુઓ ઉપરનો રાગ નષ્ટ થવો હજુ સુલભ છે, પણ અંતરંગ વિચારો અને અહંકાર દૂર કરી વિરાગ ઉત્પન્ન કરવો કેટલો દુર્લભ છે, એનો આપણે વિચાર કર્યો. તેથી આત્મા ઉન્નત થવો અને એકેક ગુણસ્થાનથી ઉપર ચઢવું કઠણ છે, અને પડવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય-વાડીનાં કુસુમો.

## માટીમાંથી માનવ (૪)

(લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી-મુંબઇ)

### શ્રાવક ધર્મમાં પ્રવેશ—

ગોશાલક—અરે ! સદ્દાલપુત્ર ! જરા તારા વર્તન-વાસણની પરોવણી આઘી મૂકી, મારા સામે ઊંચી નજર તો કર. તારી સામે હું ક્યારનો આવી ઊભો છું. હું આજીવક સંપ્રદાયનો સ્વામી, ને તું મારો ચુસ્ત ઉપાસક. શું એ વાત તારા ધ્યાનમાં નથી ?

સદ્દાલપુત્ર-એક કાળે એ બધું હતું, પણ એ વેળા મને સાચું જ્ઞાન આપનાર ગુરુ નહોતા મલ્યા. મારા ભાગ્યયોગે અકસ્માત સદ્‌ગુરુનો મને ભેટો થયો. હવે હું આજીવક નથી રહ્યો.

આ શબ્દો શ્રવણ કરતાં જ આડંબર સહિત શ્રમણના પરિવાર યુક્ત આવેલ મંખલીપુત્ર ગોશાલકના ગાત્રો ઢીલા પડી ગયા ! ઘડીભર એ વિચારમગ્ન બની ગયો. એક સમયના પોતાના આ ખાસ ભક્તને કેવી રીતે પોતાની તરફ વાળવો ? કેવી યુક્તિથી કામ લેવું ? તેના પાસા મનમાં ગોઠવવા લાગ્યો. એ પાસા ફેંકે તે પૂર્વે આપણે જરા જાણી લઈએ કે એકાએક આ મહાશય અહીં ક્યાંથી આવી ચઢ્યા ?

સદ્દાલપુત્રનું ભગવંત શ્રી મહાવીર દેવના સમવસરણમાં જવું અને એ દિન પછી આજીવક મત પ્રત્યે ઉપેક્ષા કરવી એ વાત પોલાસપુરની પ્રજામાં છાની ન રહી. અહીં આજીવક સંપ્રદાયનું એક સભા-ભવન હતું. એ ઊભું કરવામાં આ કુંભકારનો ફાળો નાનોશૂનો નહોતો. ભુવનમાં ગોશાલકના થોડા શ્રમણો અવાર-નવાર આવતા અને અહીં ઉતરતાં તેમજ ધર્મચર્ચા પણ ગોઠવવામાં એ વેળા સદ્દાલપુત્ર આગેવાનીભર્યો ભાગ ભજવતો, પણ જ્યારથી એણે ભગવંત મહાવીર દેવ પાસેથી પાંચ સમવાયનું સ્વરૂપ જાણ્યું ત્યારથી આ વિષયમાં અને પોતાના નિયતિવાદમાં આજીવક શ્રમણો કંઈ નવીન પ્રકાશ પાડે છે કે કેમ ? એ જાણ-

---

કેટલું સુલભ છે. એનો આપણે વિચાર કરવો જોઇએ. રાગ કેટલો પ્રબળ શત્રુ છે અને વિરાગ કેળવવો કેટલું કઠણ છે એ આપણે જોયું. દરેક ભવ્યાત્માએ આપણું સ્થાન ક્યાં છે અને આપણે કેટલો માર્ગ આક્રમણ કરવાનો છે એનો મન સાથે વિચાર કરી પોતાનું સ્થાન શોધી લેવું જોઇએ. અને જાગ્યા ત્યાંથી સવાર ગણી આત્મકલ્યાણ માટેની વૈરાગ્ય-ભાવના વધુ ને વધુ કેળવવા પ્રયત્ન કરવો જોઇએ. એ વિચારો બધાને સૂઝી પોતાનું કલ્યાણ બધા જીવો સાધે એ જ અભ્યર્થના ! ઇતિશમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની ઉત્કંઠા એના હૃદયમાં જાગ્રત બની. બીજે દિવસે એ સભા-ભવનમાં પહોંચ્યો અને શ્રમણો પાસે આ સંબંધી સ્પષ્ટીકરણ માગ્યું. એની એ આશા ફળી નહીં. અને તે વડીથી શ્રી જ્ઞાતપુત્ર મહાવીર પ્રભુની વાત યુક્તિયુક્ત લાગી. પોતે હવે આજીવક મતનો ઉપાસક નથી રહ્યો એમ કહી તે પાછો ફર્યો.

આજીવક સંઘના નેતા મંખલિપુત્ર ગોશાલકને આ સમાચાર મળતાં તે અકળાઇ ઉઠ્યો. સદ્દાલપુત્રના ધર્મ-પરિવર્તનની વાત એનાથી સહી જાય તેવી નહોતી. એનું શરીર ક્રોધથી કંપી ઉઠયું. ઓઠ ફફડી રહ્યા. જ્ઞાતપુત્ર પાસેથી આનો બદલો લેવાનો ગર્જારવ કરતો એ ઊભો થયો. એનો ચહેરો લાલચોળ બની ગયો અને અનુયાયી સમક્ષ બોલ્યો કે—

ભિક્ષુઓ ! પોલાસપુરમાંનો આપણો ધર્મસ્થંભ પડી ગયો ! શ્રમણમહાવીરના ઉપદેશથી ચુસ્ત ઉપાસક સદ્દાલપુત્ર નિર્ગ્રન્થ પ્રવચનનો પૂજક બની ગયો ! આ કંઇ ઓછા ખેદની વાત નથી ! આપણા સંપ્રદાયને આવો જબરો ધક્કો પહોંચ્યો છે. સત્વર તૈયારી કરો. બનતી ઉતાવળે પોલાસપુર પહોંચી એ હાલી ઉઠેલા થાંભલાને ફરીથી મજબૂત કરવો પડશે. અહીંના સર્વ કાર્ય પડતા મૂકી સૌપ્રથમ એ કાર્ય કરવું જોઇશે. એ સારુ ઉતાવળા વિહારની આવશ્યકતા છે. શક્તિવંત સાથમાં આવે, બીજા પાછળ રહી, ભલે ધીમે ધીમે એ તરફ વિહાર કરે.

સભાભવનમાં પ્રવેશ કરી ત્યાં રહેલા ભિક્ષુકોદ્વારા સદ્દાલ સંબંધી વ્યતિકર જાણી લીધો, અને વધુ હોહા કર્યા વગર થોડા શ્રમણોને સાથે લઇ એ ભાંડશાળામાં આવી પહોંચ્યો. ત્યાં જે બન્યું તે શરૂઆતમાં કહેવાઇ ગયું છે.

ગોશાલકે થોડી ક્ષણોના વિચાર પછી સ્મિતવદને સદ્દાલપુત્રને ઉદ્દેશી પૂછ્યું.

દેવાનુપ્રિય ! મહાબ્રાહ્મણ અહીં આવ્યા હતા ?

સદ્દાલપુત્ર—તમો કોને મહાબ્રાહ્મણ કહો છો ?

ગોશાલક—શ્રમણ ભગવાન્ મહાવીરને હું બ્રાહ્મણ કહું છું. શું તને એટલી પણ ખબર નથી કે-ભગવાન્ મહાવીર જ્ઞાન-દર્શનના ધારક, જગતપૂજ્ય અને સાચા કર્મયોગી હોવાથી મહાબ્રાહ્મણ કહેવાય છે.

સદ્દાલપુત્ર—શું તમો આ સાચું વદો છો ?

વાહ ! એમાં શંકા કરવાપણું ક્યાં છે ? માત્ર મહાબ્રાહ્મણ જ નહીં પણ એ ઉપરાંત ' મહાગોપ ' ' મહાધર્મકથી ' અને ' મહાનિર્યામક ' જેવા બિરુદો પણ તેમના જાણીતા છે. તેમનો ઉપાસક થઇ બેઠો તો આ મહત્ત્વની વાત જાણતો સરખો પણ નથી !

ઉપાસકપણાની ચર્ચા જવા દઇ, તમો એ દરેક પાછળનો ભાવ મને સમજાવો. એ જાણવાની મને ખાસ ઉત્કંઠા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારરૂપી ઘોર અટવીમાં ભ્રમણ કરતાં સંસારી જીવોને, ગોવાળ જેમ પોતાના પશુધનની સંભાળ રાખી માર્ગ પર રાખે તેમ ધર્મબોધદ્વારા સન્માર્ગ દાખવી આત્મશ્રેય-સાધનમાં સ્હાયક બને છે એ કારણે મહાગોપ કહેવાય છે.

એ જ પ્રમાણે ધર્મકથાદ્વારા તત્ત્વ અને પદાર્થોનું સ્વરૂપ સમજાવી, કર્મ-સમૂહથી છૂટવાના વિધાનો દાખવી મુક્તિમાં ભવ્યજીવોને લઇ જવામાં નિમિત્ત-ભૂત બને છે. નાવિકની માફક ભવસાગરમાંથી સફળતાપૂર્વક તારનારા થાય છે. એથી તેઓ 'ધર્મકથી' અને 'મહાનિર્યામક' કહેવાય છે.

સદ્દાલપુત્ર—અહો ! તમો આવા ચતુર અને શ્રમણ મહાવીરના સ્વરૂપથી માહિતગાર છો તો તેમની સાથે ધર્મચર્ચા કરી, મારી શંકાનું સમાધાન કરી શકશો ? હું પ્રબંધ કરવા તૈયાર છું.

ગોશાલક—ના ભાઇ, એ વાદની ઝંઝટ મને નથી ગમતી.

શા સારુ એને ઝંઝટ કહો છો ? સમતાપૂર્વક જુદા જુદા દૃષ્ટિબિન્દુથી તાત્ત્વિક વિચારણા કરાય તો જ સત્ય લાધે.

અરે ભાઇ ! તને ખબર નથી. એ ગુરુ તો યુક્તિબાજ છે. જેમ કોઇ યુવાન મલ્લ બકરા, મેંઢા, સુવર આદિ પશુઓને મજબૂતપણે પકડમાં રાખે છે તેમ શ્રમણ ભગવાન મહાવીર પણ હેતુ, યુક્તિ, પ્રશ્ન આદિથી એવી શેતરંજ બિછાવે છે કે જેથી આખરે મારે નિરુત્તર બની શરમીંદા થવું પડે.

તો પછી, ગોશાલક મહાશય ! તમારા માર્ગથી મેં છેડો છોડ્યો એ વાસ્તવિક છે. તમો મારા ધર્માચાર્ય છો એ રીતે નહીં, પણ તમોએ ભગવાન્ મહવીરના જ્ઞાનની તેમજ સદ્ગુણોની પ્રશંસા કરી છે એથી આકર્ષિત થયેલો હું મારી ભાંડ-શાળામાં પધારવા, તેમજ પીઠ-ફ્લક આદિ જરૂરી ઉપકરણો લેવા નિમંત્રણ કરું છું.

ગોશાલક કોઇ પણ રીતે આ ભાંડશાળામાં થોભી, સદ્દાલપુત્રનું દિલ પુનઃ વશ કરવા ઇચ્છતો હતો. એ હેતુથી તો એણે અહીં શ્રમણ ભગવાન મહાવીરના ગુણગાન ગાયા હતા.

એણે કુંભકારની માગણી સ્વીકારી અને ભાંડશાળામાં સાથેના ભિક્ષુઓ સહિત અડ્ડો જમાવ્યો. અવકાશ મેળવી સદ્દાલપુત્રને પોતાના સંપ્રદાયમાં પાછો આણવા ઘણા પ્રયત્નો કર્યા. જાતજાતની યુક્તિ લડાવી, પણ એકે કારગત ન નીવડી. આખરે થાકીને અહીંથી પથારો સમેટવો પડ્યો. આ ઘટનાથી એના અંતરમાં સજ્જડ ચોટ લાગી, જે જીવનભરમાં શાંત ન થઇ.

ગોશાલકની વિદાય પછી સદ્દાલપુત્ર પુનઃ ભગવંત મહાવીર પાસે પહોંચ્યો. ધર્મદેશના સાંભળી ગૃહસ્થ ઉચિત વ્રત-ગ્રહણની અભિલાષા વ્યક્ત કરી અને શ્રી મહાવીર દેવને પોતાને ધર્મદાતા આચાર્ય તરીકે સ્વીકાર્યા. ઘેર આવી એ આખો ય પ્રસંગ સ્વભાર્યા અગ્નિમિત્રા આગળ વર્ણવ્યો. પ્રાંતે જણાવ્યું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સીતા વનવાસ–ગમન
## યા
## પ્રારબ્ધનું ફરી જવું.

લેખક:—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી—સુરેન્દ્રનગર.

[ પ્રાચીન સ્ત્રીઓની અપૂર્વ સ્વામીભક્તિ, અથાગ ધૈર્ય, કર્તવ્યપરાયણતા આદિ સ્ત્રીત્વના ગૌરવને રજૂ કરતો, તેમજ સ્ત્રીપાત્રોથી ભજવી શકાય તેવો એક ઐતિહાસિક સંવાદ. ]

### પાત્રપરિચય.

**કૌશલ્યાજી**—કથાકારે વર્ણવેલાં મહાસતીઓમાંનાં એક, પતિપરાયણ, અત્યંત દયાળુ, રૂપ અને ગુણના ભંડારરૂપ તેમજ " અવશ્યં ભાવિ " ના દષ્ટાંતરૂપ, વળી પુત્ર-ધર્મને બતાવનારાં વાત્સલ્ય ભાવની મૂર્તિરૂપ માતા, અને સદાચરણ, સત્ય અને કુળધર્મને સમજાવનારાં અનુપમ શ્વશ્રૂ, જે અયોધ્યાના રાજા દશરથનાં ધર્મપત્ની અને રામચંદ્રજીનાં માતા તરીકે જગપૂજ્ય ગણાય છે. રાવણના ભયના કારણે તેમનાં લગ્ન રાજા દશરથ સાથે સમુદ્રમાંના એક બેટ ઉપર ગાંધર્વ વિધિથી થયાં હતાં.

**કૈકેયી**—મહારાજા દશરથનાં એ ત્રીજા ધર્મપત્ની હતાં, જેમને ભરત અને શત્રુઘ્ન નામના બે પુત્રો હતા. સૌથી નાનાં પત્ની હોવાથી મહારાજા દશરથનું તેમના પ્રતિ વધારે આકર્ષણ હતું પરંતુ તેમનામાં ઉતમ સંસ્કાર થોડા હતાં. રઘુકૂળની પુત્રવધૂઓની મહત્તા તેઓ બતાવી શક્યા નથી. ભરત જેવા અત્યુત્તમ પુત્રની માતા છતાં " રત્નકૂક્ષી " તરીકે પ્રખ્યાતિ પામ્યા નથી.

---

પ્રિયા, તું પણ ત્યાં જા અને પ્રભુસુખથી ધર્મ શ્રવણ કર.

અગ્નિમિત્રા—સ્વામીનાથ ! આપની આજ્ઞા મુજબ હું આવતી કાલે જરૂર જઇશ. આપ આ આત્મકલ્યાણકારી ધર્મમાં રંગાયા એથી મને ઘણો હર્ષ થયો છે. એ દિને વહોરવા પધારેલ નિર્ગ્રંથને જોતાં જ મારા હ્રદયમાં એ મહાત્મા માટે સુન્દર છાપ બેઠી હતી.

કવિએ ગાયું છે કે—' પતિવ્રતા નારીકા નેન છુપે નહીં, અને કર્મ છુપે નહીં ભભૂત લગાયો ' એ અક્ષરશ: સાચું છે. બીજે દિને અગ્નિમિત્રા રથમાં બેસી ભગવાન મહાવીર પાસે પહોંચી. ભાવપૂર્વક વંદન કરી, પર્ષદામાં બેસી દેશના સાંભળી. એ પર બરાબર શ્રદ્ધા સ્થાપન કરી અને સમ્યક્ત્વ જેના આરંભમાં અપાય છે એવા શ્રાવક-ધર્મનાં બાર વ્રત ગ્રહણ કર્યાં.

માટી ચુંથવાના વ્યવસાયવાળા દંપતી, માનવતાનું સ્વરૂપ અવધારી જિંદગીની સાર્થકતા કરી ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મંથરા**—દશરથ રાજાના દરબારમાં કૈકેયી રાણી પાસે રહેનાર, દાસી તરીકે કામ કરનાર, ઓછી બુદ્ધિવાળી, ઇર્ષ્યાળુ અને કંકાશપ્રિય આ દાસી હતી " **कुसंगात् संगदोषितः** " ના કારણરૂપ હોઇ શ્રી રામચંદ્રજીના વનવાસનું એ નિમિત્તકારણ ગણાય. ઉપાદાન તો સર્વ સ્થળે કર્મની પ્રબળતા જ માનવી પડે.

**સીતાજી**—વિશ્વની દૈવી મહાસતીઓમાંના એક, શાસ્ત્રકારે વર્ણવેલાં સોળ મહાસતીઓમાંનાં એક, અતિ સ્વરૂપવાન, અતિ દૃઢ, અતિ સંસ્કારી, અતિ ગુણવાન અને પતિભક્તિના નમૂનારૂપ મહાદેવી. વિદેહ દેશના જનક રાજાની રાણી વિદેહાથી ઉત્પન્ન થયેલી પુત્રી, રામચંદ્રજીનાં અતિ સુશીલ ધર્મપત્ની, દુઃખમાં નીડર અને ધર્મનું રક્ષણ કરનાર, રામાયણના કારણરૂપ, સ્વામીભક્તિના ભાવથી જેની સફળ રેખાઓ અંકાએલી છે એવું દૈવી સ્વરૂપ, " સીતાનાં વીત્યાં " એ દુઃખના સમુદ્રને તરનારું કોઇ અલૌકિક સ્વરૂપ આજે જ્યારે પતિપરાયણતા ઘટતી જાય છે, તેવા કાળમાં પણ જેના નામનો મહિમા ઘેર ઘેર ગવાય છે તે બારમા દેવલોકના વાસી, મોક્ષગામી જીવાત્મા.

**મહામાતા અરૂન્ધતી**—એ રઘુવંશના કુળગુરુ વસિષ્ઠ મહર્ષિનાં અતિ વૈરાગ્યવાન ધર્મપત્ની હતા. તેઓ અત્યંત વિદ્વાન ને બુદ્ધિમાન હતાં, આધ્યાત્મિક જ્ઞાનના નમૂનારૂપ ગણાતાં. જગત્ અને ઇશ્વર સંબંધી એણે ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, પરમ તપસ્વી અને સ્વામીભક્તિ સાથે અત્યંત નિખાલસ અને દૃઢ વિચારનાં હતાં. રૂષિ-પત્નીઓમાં સર્વશ્રેષ્ઠ માતા અરૂન્ધતી દેવી ગણાતાં, વેદાંત કર્મયોગનો જ્ઞાનયોગ સાથે સમન્વય સાધનાર આ રૂષિપત્ની અત્યંત પ્રતિષ્ઠિત હતાં.

## સંવાદની શરૂઆત.

**કૌશલ્યાજી**—( સ્વગત ) પુત્રને રાજવૈભવ કે સુખની પ્રાપ્તિ થાય ત્યારે માતાને આનંદ થાય એ સ્વાભાવિક જ છે. પુત્રના સૌભાગ્યની આશા માતાને નિરંતર રહ્યા જ કરે છે. એવી કઇ માતા હશે કે તે પુત્રની વિભૂતિ કે તેનું કલ્યાણ નહીં ઇચ્છતી હોય ?

આકાશવાણી—

ઓરમાન કે અપર માતા તો નહીં જ.

**કૌશલ્યાજી**—અરે ! હું આ શું સાંભળું છું ? આ ગેબી અને ગંભીર નાદ ક્યાંથી આવ્યો ? મારા કાને આ શું સંભળાય છે ? ઓરમાન માતાને પ્રેમ ન હોય એમ બને જ નહિ. મને આ ખોટો આભાસ લાગે છે. વિચારના વમળમાં આવું કંઇક સંભળાયું તો ખરૂં પણ એ સત્ય હોય જ નહિ, જીવ ! સદ્ભાવ ન છોડ.

બાળક જેમ મોટો થઇ વિભૂતિમાં વધે છે, તેમ તેની ફરજોમાં પણ ઘણો વધારો થાય છે. રામ જો કે પ્રભાવશાળી નિપુણ અને ચારિત્રવાન છે, જેથી ધર્મિષ્ઠ રાજવી—સર્વ પ્રજાનું ભલું કરશે એમાં શંકા નથી, પરંતુ તેના રાજ્યાભિષેકના મંગળ મુહૂર્તે પરમાત્મા પાસે હિકર જોડી યાચના કરું છું કે—રામના ગુણો વૃદ્ધિ પામે ને ઉત્કૃષ્ટ રાજશ્રી સુખ દીર્ઘાયુષ્ય ભોગવી સૂર્યવંશી રઘુકૂળને દીપાવે. માતાની આથી વિશેષ ભાવના શું હોય ? ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલામાં મંથરા દાસી પ્રવેશ કરે છે.

મંથરા—( સ્વગત ) ઓહો ! હો ! ! રાણીજી તો આજે પુત્રના રાજ્યાભિષેકનાં કારણે બહુ આનંદમાં દેખાતાં લાગે છે, પણ જાણતાં નથી કે એ આનંદ સ્વપ્નવત્ છે, પગે કમાડ વાળ્યાં છે, મંથરા કયાં ભૂલે તેવી છે, કરવાનું હતું તે કરી લીધું છે. હવે જોઇ લ્યો તમાસો.

મંથરા—( પ્રત્યક્ષ ) રાણીજી ! આપને એક સંદેશો કહેવા આવી છું.

કૌશલ્યાજી—ભલે આવી મંથરા ! આવ આવ, શો સંદેશો લાવી છો ? મહારાજાએ કે કૈકેયી બહેને જે કહેવરાવ્યું હોય તે ખુશીથી કહે. રાજ્યાભિષેકને માટે જે જરૂર હોય તે લઇ જા, બધું તૈયાર જ છે, સમજી !

મંથરા—( સ્વગત ) રાણીજીને તો પુત્રના રાજ્યાભિષેકનાં સ્વપ્નાં આવતાં લાગે છે, પણ જાણતાં નથી કે જ્યાં મંથરા હોય ત્યાં પારો ચડે ખરો કે ? ધાર્યું કામ થવા દઉં તો હું મંથરા શાની ? રાજમાં ખોપ ઊભો કરવો એ જ મારું કામ છે.

મંથરા—( પ્રત્યક્ષ ગંભીર વદને ) રાણીજી ! કહેતાં જીભ ઉપડતી નથી પણ કહ્યા સિવાય ચાલે તેમ નથી.

કૌશલ્યાજી—(આશ્ચર્ય પામીને) એવું શું કહેવાનું છે કે જીભ ઉપડતી નથી ? કહે તો ખરી, સંકોચ પામવાનું કાંઇ કારણ નથી.

મંથરા—( ગંભીર વદને ) કહેતાં બહુ દુઃખ થાય છે, પણ કહેવા આવી છું એટલે કહેવું તો પડશે જ.

કૌશલ્યાજી—ભલે, ભલે, કહે તો ખરી.

મંથરા—( દયામણું મુખ કરીને ) રાણીજી ! જુઓ તો ખરા ! ગજબ કરી નાખ્યો છે ! મહારાજા પાસેથી કૈકેયી રાણીએ આ ગઇ રાત્રિએ અગાઉ આપેલાં બે વરદાનો માગી લીધાં છે.! કે ભરતને રાજ્ય આપવું અને રામને ચૌદ વર્ષ વનવાસ જવું. આ સમાચાર કહેવા આવી છું.

કૌશલ્યાજી—( ખેદ યુક્ત હૃદયે ) અરે ! દૈવ, આ શો કોપ ? મહારાજાની શું આવી આજ્ઞા ! અરે કૈકેયી ! તેં વરદાનનો આવો ઉપયોગ કર્યો ! રાજમાતા થવાની લાલસા તને કયાંથી ઉત્પન્ન થઇ ? રામ સાચી માતા તરીકે તને પૂજે છે છતાં એ પુત્ર ઉપર આવો દ્રોહ ! રામ જેવા સુકોમળ પુત્રને વનવાસ ! આ તો ભારે અધર્મ ગણાય. હમણાં જ રાજ્યાભિષેક થવાનો હતો, તેને બદલે વનવાસના સમાચાર ! અરે ? અચાનક આ શું બન્યું ? શું પ્રારબ્ધ ફરી ગયું ? અરે કૈકેયી, રામ તારો પુત્ર નહિ ? રામને વનવાસ મોકલવામાં તેં શું સુખ માન્યું ? અરે ! તારી બુદ્ધિમાં આ વિભ્રમ કેમ થયો ? (મંથરા સામું જોઇને) આ તારું કાવતરું તો નથી ને ?

મંથરા—બાઇ સાહેબ, હું તો કાંઇ જાણતી નથી, પૂછો રાણીજીને. હું તો ચીઠ્ઠીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાકર, રાણી કૈકેયીએ આપેલો સંદેશો કહેવા આવી છું, તેમાં મેં શો ગુનો કર્યો ? મફતના મારું નામ બદનામ કરો છો.

**કૌશલ્યાજી**—અરે ! મંથરા તારા ગુણનો મને અનુભવ છે. તારા સહવાસથી જ કૈકેયીમાં આ સ્વાર્થબુદ્ધિ ઉત્પન્ન થઇ, નહીં તો આવી ભાવના કદી ન થાય. રામ ઉપર તેને ઘણું હેત હતું, તે આજે તારા કુસંગના પ્રતાપે ફરી ગયું. કહેવાય છે કે " **असङ्गसंगदोषेण, सत्याश्च मतिविभ्रमः** " કુસંગીના સંગદોષથી સુજ્ઞજીવોના મતિમાં પણ વિભ્રમ પેદા થાય છે, કુસંગનો ચેપ લાગ્યા વિના રહેતો નથી, હલકા સ્વભાવના માણસની સોબતનું જ આ ફળ છે. કૈકેયીમાં આવી બુદ્ધિ ઉદ્ભવે ખરી !

**મંથરા**—જો એમ હોય તો મારે તમારી નોકરી જોઇતી નથી, લો આ તમારી નોકરી. " તેરે ચાકર બહોત હૈ, તો મેરે ભૂપ અનેક " સમજ્યા, રાણીજી.

**કૌશલ્યાજી**—તને ગમે તે કર, તે તારી ઇચ્છાની વાત છે, પણ મહારાજાએ શો હુકમ કર્યો છે, તે કહીશ કે ?

**મંથરા**—હું તો કૈકેયી રાણીનો સંદેશો કહેવા આવી છું, પરંતુ મહારાજા તો રાણીના વરદાનની માગણી સાંભળતાં જ મૂર્છાવશ થઇ ગયા છે. એક શબ્દ પણ બોલતા નથી.

**કૌશલ્યાજી**—અરે ! રે ! મહારાજાની આ સ્થિતિ છે ?

આમ વિચાર કરે છે એટલામાં મહાસતી સીતાજી વનવેશ ધારણ કરી કૌશલ્યાજી પાસે વનમાં જવાની રજા લેવા આવે છે.

**સીતાજી**—( સ્વગત ) અરે ! ઓચિંતું આ શું થઇ ગયું ? ખરે ! પ્રારબ્ધ ફરી ગયું, શું આ ભાગ્યમાં વનવાસ લખ્યો હશે કે ? " **कथा विधाता कथिता विचित्रा**" વિધાતા ! તારી ગતિ ગહન છે. ગઇ કાલે રાજ્યાસન પર બેસવાની તૈયારી થતી હતી ને આજે વનવાસ જવાની તૈયારી થાય છે. આજે અનેક સ્વજનથી સુરક્ષિત છું ત્યારે કાલે નિર્જન વનમાં એકલી હોઇશ. આજે અન્ન વસ્ત્રથી શરીર શોભી રહ્યું છે ત્યારે કાલે ફળ, ફૂલ ને વલ્કલ પણ મળશે નહિ. આજે માથે સોનાનાં છત્રો ઢળી રહ્યાં છે ત્યારે કાલે સૂર્ય દેવનાં સીધાં કિરણો મગજને વીંધી નાંખશે. વિધાતા ! આ શો ફેરફાર ! શો પલટો ? અરે ! હું આ શું બોલું છું ? કર્મનો કર્તા ને ભોક્તા આ આત્મા પોતે જ છે, એ કાંઇ પારકી પ્રસાદી નથી કે ફેરવી શકાય, એ સ્વયં ક્રિયમાણ કર્મની જ કમાણી છે, કે જે યોગને ટાળી શકતો જ નથી. જ્ઞાનીઓ કહે છે કે—

**विवाहो जन्म मृत्युं च, यदा यत्र च येन च ।**
**त्रयः कालकृताः पाशाः, शक्यन्ते न निवर्तितुम् ॥**

**અર્થ**—વિવાહ, જન્મ અને મરણ જ્યાં જે વડે અને જ્યારે નક્કી થઇ ગયેલાં છે, આ ત્રણે ઋણાનુબંધના યોગને કોઇ પણ માણસ કોઇ પણ પ્રકારે ફેરવી શકતું નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પછી આર્ય સ્ત્રી આમ નાહિંમત કેમ બને ? માતાજીની રજા લઇ શ્રી રામની સાથે જ પ્રયાણ કરવું એ જ આ દેહનો ધર્મ છે.

સીતાજી માતા કૌશલ્યાજીને જોઇને તેમની પાસે જઇ સવિનય દંડવત્ પ્રણામ કરે છે અને મંથરા ત્યાંથી રવાના થાય છે.

મંથરા ખુશી થતી થતી કહે છે કે-હવે આપણું ધાર્યું થવાનું, ટાઢા પાણીએ ખસ કાઢી છે. જોઇ લો મજા, કૈકેયી રાણીને જેમ રમાડશું તેમ રમશે. ખરેખર આપણા પાસા પોબાર પડ્યા. આમ ઉન્માદભર્યાં વચનો બોલતી ચાલી જાય છે.

આ વખતે વસિષ્ઠ ૠષિના ધર્મપત્ની મહામાતા અરૂન્ધતી દેવી કૌશલ્યાજી પાસે રામચંદ્રજીના વનવાસના ખબર સાંભળતાં જ ઉદાસીન હૃદયે આવી ચડે છે. ૠષિપત્નીને આવતાં જોઇ કૌશલ્યાજી, સીતાજી અને અન્ય સ્ત્રીવૃંદ તેમનું ભાવભીનું સ્વાગત કરે છે. પૂજન, અર્ચન અને વંદન વિધિ કરીને યોગ્ય આસને બેસારે છે.

**કૌશલ્યાજી**—(સીતાજી તરફ જોઇને) બેટા ! મારા પર જે દાવાનળ સળગી રહ્યો છે તેમાં તું શાંતિ કરાવ, અને મારી પાસે જ રહે.

**સીતાજી**—માતાજી ! હું આપની આજ્ઞા લેવા જ આવી છું.

**કૌશલ્યાજી**—અરે ! બેટા ! તું આ શું બોલે છે ? તું વનવાસ જા તો પછી મારી શી દશા થાય ? તેનો વિચાર તો કર. આજે મારા દુઃખમાં ભાગ લેવો જોઇએ તેને બદલે તું વનવાસની વાત કર એ કેમ ચાલે ?

**સીતાજી**—માજી ! હું આપને વિશેષ શું કહું ? મારો અવિનય માફ કરો અને મને રજા આપો. અમારા પ્રારબ્ધમાં વનવાસ લખ્યો હશે તે કોણ ટાળી શકે ? માજી ! આપ દયાળુ છો, અને અમારા પર દયા કરવી એ આપનો ધર્મ છે.

**કૌશલ્યાજી**—બેટા ! તું આમ કેમ બોલે છે ? રામ તેના પિતાની આજ્ઞા પાળે ને વનવાસ જાય, પરંતુ તારે તેની સાથે જ જવું એવો અર્થ નથી. બેટા, તારી જાતથી સમજીને જ મારી પાસે રહે, તું ડાહી છે, તારામાં બુદ્ધિ છે, કર્તવ્યપરાયણતા છે, એટલે મારે વધારે કહેવાની જરૂર રહેતી નથી. સમજુને વધારે સમજાવવાનું ન હોય, બેટા.

**સીતાજી**—માતાજી ! વડીલોને વધારે કહેવામાં વિવેક સચવાતો નથી. માતા પિતારૂપ તીર્થની સેવા તો કોઇ મહદ્ પુણ્યે જ પ્રાપ્ત થાય છે, તેથી વંચિત રહેવાની ઇચ્છા આર્ય સન્નારી કદી કરતી જ નથી. પરંતુ આજનો પ્રસંગ જૂદો જ છે. વનવાસ જવાનો મારા પર કોઇનો આદેશ નથી, પરંતુ મારા આત્માનું ધન-મારું સૌભાગ્ય જ્યાં હોય તેનાથી દૂર કેમ રહી શકાય ? જેની સાથે જીવનચર્યાનો કોલ અપાયો છે, તે કેમ તોડાય ? શરીરના પડછાયો જૂદો ન હોય માજી ! મારા વનવાસમાં કૈકેયીમાતાજીના હૃદયની ઊંડી ઊંડી ભાવના પણ પોષાય છે એટલે આર્ય સન્નારી કર્તવ્યમાં પાછી પાની કેમ કરે ? અપરાધ કે અવિનય ક્ષમા કરો ને રજા આપો. માજી ! મારું શરીર અહીં છે પણ દિલ રામજીના ચરણમાં છે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચસંગહપગરણનું પર્યાલોચન.

( લેખક: પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ ૪૪ થી ચાલુ )

આ દિગંબર આચાર્યોના સમય પરત્વે મતભેદ જોવાય છે. **"चत्वारः कर्मग्रन्थाः"** નામથી પ્રસિદ્ધ થયેલી આવૃત્તિના અંતમાં પૃ. ૨૦માં ગુણધરનો સમય "અનુમાને વિક્રમની ૫ મી સદી" અને પુષ્પદંત-ભૂતબલિનો સમય "અનુમાને વિક્રમની ૪-૫ મી સદી" દર્શાવાયેલ છે.

બંને સંપ્રદાયોમાં દાર્શનિક બાબતો પરત્વે વિશેષ ભિન્નતા નથી, અને એકે બીજાની કૃતિઓનો પણ ઉપયોગ કર્યો છે. કેટલીક દિગંબરીય કૃતિનાં નામ શ્વેતાંબરીય કૃતિના અનુકરણરૂપે યોજાયાં છે, તેમજ **સિદ્ધપાહુડ** એ નામની શ્વેતાંબરીય કૃતિ તો આજે પણ મોજુદ છે. એમ વિવિધ બાબતોને લક્ષ્યમાં લેતાં **સત્કર્મન્** અને **કષાયપાહુડ** એ દિગંબરીય જ કૃતિનો **પંચસંગહ**ના પ્રણેતાએ ઉપયોગ કર્યો હોય એ વાત ભાગ્યે જ સંભવી શકે.

મલયગિરિસૂરિની ૧૮૦૦૦ શ્લોકપ્રમાણક ટીકામાં **કસાયપાહુડ** સિવાયના ચારે ગ્રંથોનો સાક્ષી તરીકે ઉલ્લેખ છે. એ ઉપરથી એમ અનુમનાય છે કે-આ **કસાયપાહુડ** આ સૂરિના પણ જોવામાં આવ્યું નહિ હોય.

ખંભાતના શાંતિનાથના ભંડારમાં વા( ? રા )મદેવની ૨૫૦૦ શ્લોકપ્રમાણક **દીપક** નામની **પંચસંગહ** ઉપર વૃત્તિ હોવાનો નોંધ મળે છે. વિશેષમાં એ વિક્રમની બારમી સદીની કૃતિ હોવાનું મનાય છે. આ વૃત્તિ પુણ્યવિજયજીએ જોઈ નથી તેમ છતાં "આમુખ"-( પૃ. ૫ ) માં એમણે કહ્યું છે કે "સ્વોપજ્ઞ ટીકા અને મલયગિરિકૃત ટીકાની કક્ષાથી એ હેઠળ જ હશે અથવા આ ટીકાઓને અનુસરીને જ એ સંક્ષિપ્ત કૃતિ બની હશે."

મેં **દીપક**નાં દર્શન કર્યાં નથી છતાં એના રચના-સમય વિષેનો ઉલ્લેખ વિચારતાં આ **દીપક** ઉપલબ્ધ હોય તો તેનું સમુચિત રીતે પ્રકાશન થવું ઘટે એવું મારું નમ્ર મંતવ્ય છે. વળી એમાં જે જે ગ્રંથની સાક્ષી હોય તે તે ગ્રંથોનો નિર્દેશ થવો ઘટે. આ **દીપક** સંક્ષિપ્ત હોવા છતાં એમાં **કસાયપાહુડ** જેવાનો ઉલ્લેખ કદાચ મળી પણ આવે.

**વિવરણો**—ઉપર જે ત્રણ ટીકાઓ ગણાવાઈ છે એ ઉપરાંત કોઈ પ્રાચીન વિવરણ હોય એમ જણાતું નથી.

**પ્રણેતા**-**પંચસંગહ**ના પ્રણેતાએ અંતિમ ગાથામાં પોતાનું નામ **ચંદરિસિ** ( સં. ચન્દ્રર્ષિ ) એમ જણાવ્યું છે. આના ઉપરની 'સ્વોપજ્ઞ' તરીકે ઓળખાવાતી ટીકામાં આ શાસ્ત્ર **પાર્શ્વ**ર્ષિના ચરણસેવાથી કરાયું એવો ઉલ્લેખ છે. જો આ ટીકા સ્વોપજ્ઞ જ હોય ( કે જે બાબત શંકા ઉઠાવવાનું કોઈ કારણ જણાતું નથી ) તો આ **ચન્દ્રર્ષિ પાર્શ્વર્ષિ**ના સેવક છે અને સંભવ છે કે એ એમના ખુદ શિષ્ય પણ હોય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વોપજ્ઞ ટીકામાં તેમજ મલયગિરિસૂરિકૃત ટીકામાં ચન્દ્રર્ષિની 'મહત્તર' નામની પદવી વિષે ઉલ્લેખ નથી, જો કે એમને કેટલાક 'મહત્તર' ગણે છે. આથી 'મહત્તર' તરીકે એમને પ્રથમ કોણે ઓળખાવ્યા એ પ્રશ્ન વિચારવો જોઇએ.

**ચન્દ્રર્ષિની કૃતિઓ**—ચન્દ્રર્ષિની એક કૃતિ તે **પંચસંગહ** છે, અને એ પાઇય- ( પ્રાકૃત ) માં છે. એમની બીજી કૃતિ તે આ ઉપરની દસ હજાર શ્લોક જેવડી સંસ્કૃત કૃતિ છે. **સિત્તરિ** એ તો એમની કૃતિ નથી. વળી એના ઉપરની ચુણ્ણિ ( ચૂર્ણિ ) એમણે રચી હોય એમ અર્વાચીન હાથપોથી જોતાં તો જણાતું નથી. એટલે તાડપત્રીય પ્રતિઓ આ સંબંધમાં તપાસવી જોઇએ.

**ચન્દ્રર્ષિનો સમય**—પંચસંગહ કે એની સ્વોપજ્ઞ ટીકા ક્યારે રચાઇ એ દર્શાવાયું નથી એટલે ચન્દ્રર્ષિના સમય માટે અનુમાન કરવું પડે તેમ છે. "પંચસંગ્રહ" નામના ગુજરાતી અનુવાદમાં "નિવેદન" માં કહ્યું છે કે "આ આચાર્ય મહારાજ કર્મપ્રકૃતિ અને પ્રાચીન કર્મગ્રંથકારની પછી થયેલા હોવાથી તેમણે આ ગ્રંથના પહેલા ભાગમાં પાંચ કર્મગ્રંથ આદિનો અને બીજા ભાગમાં કર્મપ્રકૃતિ અને સપ્તતિકા-છઠ્ઠા કર્મગ્રંથનો સંગ્રહ કર્યો છે."

અહીં 'આચાર્ય મહારાજ' એમ કેમ કહ્યું છે તે સમજાતું નથી. ચન્દ્રર્ષિ 'સૂરિ' પદથી વિભૂષિત હતા એવો કોઇ ઉલ્લેખ જોવા જાણવામાં નથી.

આજે મળતી **કર્મપ્રકૃતિ** અને **સપ્તતિકા**નો ઉપયોગ **પંચસંગહ**માં કરાયો છે એમ માનતાં આ બેની રચના બાદ **પંચસંગહ** રચાયાનું માનવું યુક્તિયુક્ત ગણાય. વિશેષમાં એ માન્યતાના ઉપર આધાર રાખી હું પંચસંગહનો રચનાસમય આ બંને કૃતિથી આસરે બસો બસો વર્ષ જેટલો અર્વાચીન માનવા લલચાઉં છું.

પ્રાચીન કર્મગ્રંથકારથી જો **ગર્ગર્ષિ**, **જિનવલ્લભગણિ**, **શિવશર્મસૂરિ** **કમ્મત્થય**ના કર્તા અને **બંધસામિત્ત**ના પ્રણેતા પણ અભિપ્રેત હોય તો તે વાત ઇષ્ટ નથી, કેમકે જિનવલ્લભગણિનો સમય વિક્રમની બારમી સદી છે અને આ પૂર્વે તો ચન્દ્રર્ષિ થયા જ હોવા જોઇએ. ગર્ગર્ષિનો સમય વિક્રમની દસમી સદી મનાય છે તો એમની કૃતિ નામે **કમ્મવિવાગ**નો **પંચસંગહ**ની રચનામાં ઉપયોગ થયો હોય એ વાત માનતાં ખંચાવું પડે, કેમકે દસમી સદીની કૃતિની મહત્તા વગેરે જણાતાં અને સ્વીકારાતાં એકાદ સદી તો વહી જાય ને ? અને જો એમ જ હોય તો **પંચસંગહ** વિક્રમની ૧૧ મી સદીની કૃતિ ગણાય.

**સયગ**ની વાત આથી જુદી છે, કેમ કે એની રચના તો વિક્રમની પાંચમી સદી જેટલી તો પ્રાચીન મનાય છે જ. બીજા બે કર્મગ્રંથોના કર્તાનાં નામ કે એમના સમય વિષે આપણે જ્યાં સુધી અજ્ઞાત છીએ ત્યાં સુધી એનો વિચાર શા કામનો ?

આ સંબંધમાં પુણ્યવિજયજીનો આમુખ તપાસીએ તે પૂર્વે એ નોંધીશ કે "પાંચ કર્મગ્રંથ આદિ" એ ઉલ્લેખગત 'આદિ'થી નિવેદનકારને શું અભિપ્રેત છે તે જાણવું બાકી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યવિજયજીના મતે **ચન્દ્રર્ષિ** નવમા દસમા સૈકામાં થયા છે. આના કારણ તરીકે તેમણે કહ્યું છે કે ગર્ગર્ષિ, સિદ્ધર્ષિ, **પાર્શ્વર્ષિ, ચન્દ્રર્ષિ** આદિ 'ઋષિ' શબ્દાન્ત નામો મોટે ભાગે **નવમી દસમી** સદીમાં વધારે પ્રચલિત હતાં. વિશેષમાં એમણે ઉમેર્યું છે કે "એ જમાનામાં 'મહત્તર' પદ પણ ચાલુ હતું એટલે ચંદ્રર્ષિ મહત્તરના ઉપર જણાવેલ સત્તાસમય માટે ખાસ કોઇ બાધ આવતો નથી. ઉપમિતિભવપ્રપંચા કથાના પ્રણેતા આચાર્ય શ્રી સિદ્ધર્ષિના ગુરુ ગર્ગર્ષિના પ્રગુરુ દેલ્લમહત્તર મહત્તર પદથી વિભૂષિત હતા."

એમની આ દલીલ કેટલી વજુદવાળી છે એ કહેવાની હું જરૂર જોતો નથી. આથી એ વાત બાજુએ રાખી **પંચસંગહ**ના સમય વિષે હું અન્ય દૃષ્ટિકોણથી વિચાર કરું છું.

જે **કસાયપાહુડ**નો **પંચસંગહ**માં ઉપયોગ કરાયો છે તે જો નિર્વિવાદપણે શ્વેતાંબરીય જ કૃતિ હોય તો એ કૃતિ ક્યારથી મળતી નથી તેમજ એમાંથી કોઈ અવતરણ અન્યત્ર અપાયેલ છે કે કેમ એ બાબતનો નિર્ણય **પંચસંગહ**ના સમય પરત્વે પ્રકાશ પાડી શકે.

દિગંબરોની કેટલીક કૃતિઓનાં નામ શ્વેતાંબરોની કૃતિને મળતાં આવે છે એટલું જ નહિ પણ એને આધારે યોજાયાં હોય એમ લાગે છે. દિગંબર ગ્રન્થકારો પૈકી **નેમિચન્દ્ર**ની પાઇય કૃતિ **પંચસંગહ**ના નામે અને **અમિતગતિ, ઘડ્ઢ** અને એક [1]અજ્ઞાતકર્તૃક સંસ્કૃત કૃતિ **પંચસંગહ**ના નામે ઓળખાવાય છે.[2] શું આ કૃતિઓનાં નામ શ્વેતાંબરીય **પંચસંગહ** ઉપરથી યોજાયાં હશે?

**પંચસંગહ** ઉપર **મલયગિરિસૂરિ**ની ટીકા છે એટલે આ ટીકાકારના સમય કરતાં એક સદી જેટલી તો આ કૃતિ પ્રાચીન સહજ હોવી જોઈએ.

**પવયણસારુદ્ધાર** ઉપર **સિદ્ધસેનસૂરિ**એ વિ. સં. ૧૨૪૮ માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એના ૩૨૪ આ પત્રમાં આ સૂરિએ વિકલેન્દ્રિયોની કાયસ્થિતિ સંખ્યાત વર્ષસહસ્ર છે એ દર્શાવતી વેળા **પંચસંગહ**ના ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ આપ્યું છે:—

"विगलाण य वाससहस्सं संखेज्ज"

**પવયણસારુદ્ધાર**(ગા. ૧૩૧૨)ની વૃત્તિમાં આ ૧૩૧૨ મી ગાથા **પ્રજ્ઞાપના, પંચસંગ્રહ, જીવસમાસ** ઇત્યાદિ શાસ્ત્રાંતર સાથે વિસંવાદી છે એમ કહ્યું છે.

[3]**શીલાંકસૂરિ**એ **આયાર**(સુય૦ ૧, અ. ૨, ઉ. ૧; સૂ. ૬૩)ની ટીકામાં (સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિની આવૃત્તિના પત્ર ૯૩અમાં) અવતરણરૂપે નીચે મુજબની ગાથા આપી છે:—

---

૧ આ લેખક **ધવલાકાર** પછી થયા હોય એમ લાગે છે.

૨ વિશેષ માટે જુઓ મારો લેખ "કર્મવિષયક ગ્રંથોનું નામસામ્ય" આ લેખ જૈન ધર્મ પ્રકાશ (પુ. ૬૬, અં. ૯)માં છપાયો છે.

૩. જિનદત્તસૂરિએ **ગણહરસદ્ધસયગ**(ગા. ૬૦)માં **શીલાંકસૂરિ**ની સ્તુતિ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. )

( ગતાંક પૃષ્ઠ ૪૧ થી શરૂ )

અધ્યાત્મ યોગનો ઉપદેશ દેવાને જો કોઇ પણ યોગ્ય હોય તો મૂર્તિમાન્ યોગસ્વરૂપ એવા શ્રી સદ્‌ગુરુ સત્પુરુષ જ છે, કારણ કે જેનામાં **સદુપદેષ્ટા સદ્‌ગુરુ**માં અવશ્ય હોવા યોગ્ય આત્મજ્ઞાન–વીતરાગતા આદિ ગુણો પ્રગટ ઝળહળે છે, એવા આ સત્પુરુષ સાક્ષાત્ ભાવયોગી, અધ્યાત્મરસપરિણત આત્મા છે. એટલે અધ્યાત્મ યોગ જેનામાં અત્યંત આત્મપરિણામી થયો છે, એવા પરિણત ગીતાર્થ સતપુરુષ જ અધ્યાત્મયોગનો ઉપદેશ દેવાને પરમ યોગ્ય છે. આમ આવા ભાવિતાત્મા મહાત્માના મુખેથી જ અધ્યાત્મ ગ્રંથના શ્રવણનો લાભ મળી શકે.

હવે **અધ્યાત્મ ગ્રંથ** એટલે શું ? જે ક્રિયા નિજ સ્વરૂપને સાધે તે અધ્યાત્મ, જે ક્રિયા કરી ચતુર્ગતિ સાધે તે અધ્યાત્મ નહિ. અર્થાત્ મોહનો અધિકાર જેના પરથી ચાલ્યો ગયો છે એવા મુમુક્ષુ પુરુષની, આત્માને અધિકૃત કરી જે અંતરાત્મપરિણતિરૂપ, શુદ્ધ ક્રિયા તેનું નામ ' અધ્યાત્મ '. અને આવા અધ્યાત્મ યોગનું જ્યાં મુખ્યતાએ ગુંથણીરૂપ ગ્રથન કર્યું છે, આત્માને પુરસ્કૃત–આગળ કરી તેના નિરંતર લક્ષપૂર્વકનો જ્યાં ઉત્તમ

---

" अद्धा जोगुक्कोसे बंधित्ता भोगभूमिएसु लहुं ।
सव्वप्पजीवियं वज्जइत्तु उव्वट्टिया दोण्हं ॥ "

આ ગાથા **કમ્મપયડિ**માં ૪૦૨મી ગાથા તરીકે અને **પંચસંગહ**માં ૩૨૩ મી ગાથા-રૂપે જોવાય છે. આમ બે ગ્રંથો વચ્ચે ગાથાનું સામ્ય છે એ હકીકત પ્રસિદ્ધ **કમ્મપયડિ**નો **પંચસંગહ**માં સમાવેશ થયાની માન્યતાનું સમર્થન કરે છે. જો **શીલાંકસૂરિ**એ **પંચ-સંગહ**માંથી જ અવતરણ આપ્યું હોય તો **પંચસંગહ** વિક્રમની સાતમી સદી જેટલી તો પ્રાચીન કૃતિ છે એમ માનવાનું કારણ મળે.

આમ આ **પંચસંગહ** વિષે કેટલીક બાબતો વિચારી અને કેટલાક પ્રશ્નો રજૂ કરી હું વિરમું છું.

---

ત્યારબાદ એમણે દેવસૂરિ, નેમિચન્દ્ર, ઉદ્દ્યોતનસૂરિ, વર્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ, બુદ્ધિ-સાગરસૂરિ, જિનભદ્ર, જિનચન્દ્ર અને અભયદેવસૂરિનું ગુણોત્કીર્તન કર્યું છે.

આ જો ક્રમસર હોય તો **અભદેવસૂરિ** કરતાં દોઢેક સૈકા જેટલા તો **શીલાંકસૂરિ** પ્રાચીન ઠરે. અભયદેવસૂરિએ **આયાર** અને **સુયગડ**ની ટીકા રચી નથી એ પણ **શીલાંક-સૂરિ** પૂર્વવર્તી હોવાના અનુમાનને સમર્થિત કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધ કર્યો છે, તેનું નામ અધ્યાત્મ ગ્રંથ. આવું અધ્યાત્મ શાસ્ત્ર સર્વ શાસ્ત્રમાં શિરોમણિ છે. **શ્રી યશોવિજયજી** કહે છે કે–' અન્ય શાસ્ત્રને જાણનારો ક્લેશ જાણે છે, અને અધ્યાત્મ શાસ્ત્ર જાણનારો રસ જાણે છે; ચંદનનો ભાર ખર વહે છે, પણ તેનો ભોગ તો ભાગ્યશાળી જ પામે છે. '×

**" નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ કહિયે રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ લહિયે રે. "–શ્રી આનંદઘનજી.**

આવા મહામહિમાવાન અધ્યાત્મગ્રંથનું શુશ્રૂષાદિ ગુણસંપન્ન જિજ્ઞાસુ પુરુષને પ્રથમ તો શ્રવણ થાય. આ શ્રવણ તીવ્ર **શુશ્રૂષા**–સાંભળવાની ઇચ્છાપૂર્વક હોવું જોઇએ. કારણ કે

**શુશ્રૂષાપૂર્વક શ્રવણ.**

આ શુશ્રૂષા બોધજલપ્રવાહની સરવાણી સમાન છે, આ શુશ્રૂષા વિનાનું શ્રવણ સરવાણી વિનાની ભૂમિમાં કૂવો *ખોદવા જેવું વ્યર્થ છે. જેમ કૂવામાં સરવાણી હોય તો તે વાટે પાણી આવ્યા જ કરે, તેમ ઉત્કટ શ્રવણેચ્છારૂપ સરવાણી જો હોય, તો તે વાટે બોધરૂપ પાણીનો પ્રવાહ એકધારો અક્ષયપણે આવ્યા જ કરે. પણ કૂવામાં સરવાણી ન હોય તો પાણી આવે નહિં, તેમ જો આવી શુશ્રૂષારૂપ અક્ષય સરવાણી ન હોય, તો બોધરૂપ પાણીનો પ્રવાહ આવે જ નહિં, ને જ્ઞાનરૂપી કૂવો ખાલી જ રહે. આમ શુશ્રૂષા વિનાનું બધું શ્રવણ કર્યું તે ધૂળ થાય છે, સાંભળ્યું ન સાંભળ્યા જેવું થાય છે, એક કર્ણછિદ્રથી પેસી સોંસરૂં બીજેથી નીકળી જાય છે, હૃદયમાં પ્રવેશતું નથી, ફોગટ જાય છે. જેમ કોઇ એવી ખરડ ભૂમિ–કે જેમાં પાણીની સરવાણી આવતી ન હોય, તે ભૂમિમાં ગમે તેટલો ઊંડો કૂવો ખોદ્યા કરીએ ( Tapping ), તો પણ પાણી આવે જ નહિં, કૂવો ખોદવો ન ખોદ્યા બરાબર જ થાય, શ્રમમાત્ર જ ફળ મળે, મહેનત માથે પડે, તેમ સાચી શુશ્રૂષા વિનાનું બધુંય શ્રવણ નિષ્ફળ જાય છે, બોધરૂપ ફળ આપતું નથી, એળે જાય છે તેવા શ્રવણમાં તો વાયુના તરંગોથી ( Air–waves ) શબ્દો કર્ણપટ પર અથડાઇ પાછા વાયુમાં–હવામાં મળી જાય છે !

જેમ કોઇ એક રાજા રાત્રે શયન કરતી વેળાએ વાર્તા સાંભળતો હોય, ઊંઘમાં ને ઊંઘમાં તે હોંકારો પણ દેતો જાય, પણ તેનું લક્ષ તેમાં હોય નહિં, શું સાંભળ્યું તે તેના

× " गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्त्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥
वेदान्यशास्त्रवित्क्लेशं, रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद्भोगमाप्नोति, वहते चन्दनं खरः ॥ "
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મસાર.

* " बोधाम्भःस्रोतसश्चैषा सिरातुल्या सतां मता ।
अभावेऽस्याः श्रुतं व्यर्थमसिरावनिकूपवत् ॥ "—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાલમાં રહે નહિં ! અને સવારે ઊઠીને બાપુ પૂછે કે-અલ્યા ! રાત્રે કઇ વાર્તા કરી હતી ? તેમ પ્રસ્તુત શુશ્રૂષા વિનાનું શ્રવણ કરતો હોય તે જાણે ઊંઘમાં હોય એમ સાંભળે છે ! તે મોટેથી ઘાંટો પાડી ' જી ! મહારાજ ! ' એમ હોંકારો પણ દે છે ! પણ શું સાંભળ્યું તેનું તેને ભાન હોતું નથી ! તે ઘેર આવીને પૂછે કે આજ મહારાજ વખાણમાં શી વાત કરતા હતા ! આમ સાચી શુશ્રૂષા વિનાનું શ્રવણ ફોગટ-નકામું છે, હૃદયને સ્પર્શતું નથી, એક કાનથી બીજે કાને કાઢી નાંખ્યા જેવું થાય છે. ઉત્કટ શ્રવણેચ્છા વિનાનું જે શ્રવણ તે નામમાત્ર શ્રવણ છે. એમ તો આ જીવે અનંત વાર કથા-વાર્તા સાંભળી છે; ને સાંભળી સાંભળીને તેના કાન પણ ફૂટી ગયા છે ને મહારાજોના ઘાંટા પણ બેસી ગયા છે ! તોપણ હજુ તેને બ્રહ્મજ્ઞાન-સાચું આત્મજ્ઞાન થયું નથી ! અખા ભકતે કહ્યું છે તેમ ' કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન. ' કારણ કે તેણે અંતરાત્માથી શ્રવણ કર્યું નથી. ખરૂં શ્રવણ તો ત્યારે થાય કે જ્યારે મન રીઝે-પ્રસન્નતા પામે, તન ઉલ્લસે-શરીરમાં રોમાંચ રૂંવાડા ઊભા થાય. એવી શ્રવણેચ્છા વિના જે ગુણકથા સાંભળવામાં આવે, તે બહેરા માણસ આગળ સંગીત કરવા બરાબર છે ! ભેંસ આગળ ભાગવત છે ! અંગ્રેજી કહેવત પ્રમાણે-ડુક્કર પાસે મોતીનો ચારો નાંખવા બરાબર છે ! ' Casting pearls before swine. '

" સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી ? શયિત સુણે જિમ ભૂપ...
રે જિનજી ! ધન ધન તુજ ઉપદેશ.

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
એ ઇચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિનજી !

—શ્રી યશોવિજયજીકૃત યો. દ. સજ્ઝાય

શ્રવણેચ્છા કેવી ઉત્કટ હોવી જોઇએ તે માટે તરુણ સુખી પુરુષનું દૃષ્ટાંત છે. રમણીય રમણીથી યુક્ત એવા તરુણને જેવી દિવ્ય સંગીત સાંભળવાની ઇચ્છા થાય, તેના કરતાં પણ વધારે ઉલ્લાસથી તત્ત્વ અમૃતનું શ્રવણેંદ્રિયદ્વારા પાન કરવાની ઇચ્છા મુમુક્ષુને હોય. ( વિશેષ માટે જુઓ મેં સવિસ્તર વિવેચન કરેલ યોગદૃષ્ટિસમુચ્ચય ).

" તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુર ગીત;
ત્યમ સાંભળવા તત્ત્વનેજી, એહ દૃષ્ટિ સુવિનીત...રે જિનજી ! "-યો. દ. સજ્ઝાય

**શ્રવણ એટલે શું?**

આમ સાચી અંતરંગ શ્રવણેચ્છાવાળું હોય તે જ વાસ્તવિક શ્રવણ છે. આ શ્રવણ એટલે માત્ર શબ્દનું કર્ણદ્વાર પર અથડાવું એમ નહિં, પણ તેની સાથે અર્થ ગ્રહણ પણ કરી લેવું તેનું નામ શ્રવણ છે. વિદ્વદ્વર્ય શ્રી આનંદશંકર ધ્રુવ કહે છે કે—

" કેટલીક વાર ભૂલ તો એ થાય છે કે તે શ્રવણનો અર્થ ગ્રહણ સાથેનો તાત્ત્વિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ વસ્તુતઃ ધ્યાનમાં લેવાતો જ નથી. 'શ્રવણ' એટલે સાંભળવું અને સાંભળવું એટલે કાનમાં શબ્દો પડવા દેવા; અને આટલું થતાં શ્રવણ થયું એમ ઘણીવાર કૃતકૃત્યતા માની લેવાય છે. × × × શબ્દને કર્ણમાં લઇ તેની સાથે અર્થ ગ્રહણ પણ કરી લેવું તેનું નામ 'શ્રવણ', એમ શ્રવણ શબ્દનો વાસ્તવિક અને પ્રાચીન શાસ્ત્રસંમત અર્થ છે."

અને આ જે શ્રવણ છે તેમાં પરની અપેક્ષા રહે છે, કારણ કે સાંભળવાનું બીજાના બોલ્યા કે ઉપદેશ્યા વિના સંભવે નહિં; માટે શ્રવણ અન્યદ્વારા, અન્ય મુખે હોય છે. એટલે કે મુખ્યપણે તે 'શ્રુત' શ્રવણ પુરુષવિશેષરૂપ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ મુખે કરવાનું હોય છે; અને તેનો જોગ ન હોય તો પૂર્વકાલીન મહાત્માઓના સત્‌શાસ્ત્રમુખે શ્રવણ કરવાનું છે, કારણ કે મહાયોગ બલસંપન્ન એવા તે તે મહાગુરુઓનો ચૈતન્યસ્વરૂપ આત્મા 'અક્ષર' સ્વરૂપે વ્યક્ત થઇ, તેમની કૃતિઓમાં પ્રગટપણે અક્ષર સ્વરૂપે રહ્યો છે. પ્રત્યક્ષ આત્મજ્ઞાની સદ્‌ગુરુના અભાવે, આવા પરોક્ષ આત્મારામી સદ્‌ગુરુઓના વચનનું અવલંબન જ શ્રેયસ્કર થઇ પડે છે, પરમ ઉપકારી આધારભૂત થઇ પડે છે. સાચા સદ્‌ગુરુના અભાવે, અન્ય સામાન્ય કોટિના જે તે પ્રાકૃત જનને ગુરુ સ્થાપી-માની બેસી તેના મુખે શ્રવણ કરવા કરતાં, આવા પરોક્ષ સદ્‌ગુરુઓના સદ્‌ગ્રંથ મુખે શ્રવણ કરવું, તે અનેકગણું વધારે લાભદાયી છે, એમ વિદ્વાનોનું માનવું છે. તથારૂપ ગુરુગુણ રહિત ગમે તેને ગુરુ કલ્પવા કરતાં, આમ કરવું તે જ યોગ્ય છે.

"કેવળ સાધારણ વર્ગના પુરુષ પાસેથી પ્રત્યક્ષ ઉપદેશ લેવો એ ઠીક, કે અસાધારણ પુરુષ પાસેથી એના ગ્રંથોદ્વારા જે પરોક્ષ ઉપદેશ મળે એ ઠીક? આ પ્રશ્નનો એક જ ઉત્તર ઘટે છે. અસાધારણ પુરુષો પોતાના અનુપમ આત્માને ગ્રંથમાં કેવી સારી રીતે સંક્રાંત કરી શકે છે, એ વાત જો ધ્યાનમાં લેવામાં આવે તો સહજ સમજાય એમ છે કે આ બીજો માર્ગ જ ઉત્તમ છે" —પ્રો. આનંદશંકર ધ્રુવ.

"આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિં, ત્યાં આધાર સુપાત્ર.
અથવા સદ્‌ગુરુએ કહ્યા, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ."

—શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

( ૨૯૯ )

**સાચું કહેવું અને ખોટું કરવું એ તો નરી મૂર્ખાઇ છે. એ રીતિ કોઇને છેતરતી નથી અને એ કશું સારું પરિણામ નીપજાવતી નથી.**

"હું સાચો માર્ગ કયો છે તે જાણું છું અને તેની મહત્તા સ્વીકારું છું, પણ મારા પોતાના સબંધમાં હું ખોટો માર્ગ અનુસરું છું"–આવું કોઇ બોલે તો તેના ઉપર ફીટકાર પડે, તેના ઉપર લ્યાનત વરસે, તેની અક્કલ ગામતરે ગઇ છે એવો તેના ઉપર આક્ષેપ થાય. છતાં બરાબર અવલોકન કરતાં જણાશે કે સામાન્ય ડાહ્યા કે કુશળ વહેવારુ માણસો સાચું શું છે તે બરાબર જાણતા હોય છે, સમજતા હોય છે, સ્વીકારતા હોય છે, છતાં કામ કરવાનો વખત આવે ત્યારે માણસ પોતાના વિચારોને ઘણીવાર નેવે મૂકી દે છે. દરેક માણસ જાણે છે કે અભિમાન કરવું દંભ કરવો, ક્રોધ કરવો એ દરેક વાત ખરાબ છે, છતાં પ્રસંગ આવે ત્યારે ફસકી જાય છે અને ગોટા વાળી બેસે છે, અને પછી પોતાનો સાચો ખોટો બચાવ કરવા મંડી જાય છે. આ નરી મૂર્ખાઇ છે, મંદતા છે, અલ્પતા છે. એમાં એને સારાવાટ થાય નહિ, એની કીર્તિ જામે નહિ, એનામાં ચારિત્રબંધારણ જામે નહિ, એને પોતાની જાત પર ભરોસો આવે નહિ અને એ ઉત્તરોત્તર વિશિષ્ટ પ્રગતિમય જીવનમાં વધારો કરે નહિ.

કુશળ માણસની **કથની અને રહેણી એક સરખી** જ હોય, એના વિચાર અને વર્તનમાં એકવાક્યતા હોય, એ જેવું બોલે તેવું કરે, એ જેવી બીજાને સલાહ આપે તેવી જ રીતે સમાનસંયોગમાં પોતાના સંબંધમાં વર્તન કરે, જેટલું ડહાપણ બીજાને અંગે વાત કે સલાહ આપતી વખતે બતાવે, તેટલું જ પોતાના કાર્ય વખતે પણ દાખવે. એનામાં દેખાડવાના દાંત જુદા હોય અને ચાવવાના જુદા હોય એવું ન બને અને એના પ્રભાવશાળી વચન પર જનતાની પ્રતીતિ એના વર્તનની સમાનશીલતાને જ અવલંબે. બાકી 'પોથીમાંનાં રીંગણા'ની પદ્ધતિ અતિ અનિષ્ટ છે. બીજાને ઉપદેશ આપવાને વખતે એ સ્વર્ગભૂમિની વાત કરે અને પોતે વ્યવહારથી પણ ભ્રષ્ટ થઇ પાતાળમાં ઊતરી જાય એ રીતિ એને પોતાને લાભ કરતી નથી અને અન્યને છેતરતી નથી. **લોકપ્રતીતિ** તો ઘણીવાર **આરિસા જેવી** હોય છે, એમાં પોતાનાં અંતરનું પ્રતિબિંબ ઘણી ખરીવાર આબેહુબ પડે છે અને માણસ કેટલીક વાર ટૂંકો વિચાર કરી પોતાનો ગોળો ગબડાવવા મન કરે છે, પણ એમાં સ્વપરને હાનિ જ થાય છે. દુનિયા એવા દંભીથી અંતે છેતરાતી નથી અને આવા ઢોંગી કે દંભીની વાત લાંબો વખત ટકતી નથી. બીજાને સાચો ઉપદેશ આપનાર ઉઘાડો પડી જાય ત્યારે તેનો અધઃપાત શતમુખ થઇ જાય છે.

માટે વાત કરો તેમજ વર્તો, બીજાને સલાહ આપો તેને અનુરૂપ પોતાના સંબંધમાં વ્યવહાર કરો, જેવો ઉપદેશ આપો તેવો વ્યવહાર કરો. એમ કરશો તો અન્ય પર અસર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે, સમાજ-શરીર સુધરશે અને તમારા પ્રયત્નને સાચું ફળ બેસશે. બાકી કાંઇ કહેવું અને બીજી જ રીતે વર્તવું એ તો લાંબી નજરની કે સામાન્ય અક્કલની પણ ગેરહાજરી બતાવે છે. મોટી કે નાની બાબતમાં **બોલો તેવું જ કરો,** બીજાને સમજાવો તે પ્રમાણે જ વર્તો. દુનિયા આંધળી નથી, ગોટો ચાલતો નથી અને ટીકા થાય ત્યારે પરિણામ આકરાં લાગે છે.

To talk the right and do the wrong is foolishness which deceives none and brings no good results.

( ૩૦૦ )

## કોઇ કામ કરવા માટે આપણી પાસે મુદ્દામ કારણ ન હોય તો, તે કામ ન કરવા માટે આપણી પાસે એક સારું કારણ છે.

મુખ હોય કે **જીભ હોય** એટલે આપણે બોલવું જ જોઇએ એવું કાંઇ નથી. સામાને લાભ થાય તેવું હોય તો મીઠી ભાષામાં હિતકારી પરિમિત વચન બોલવું તે પણ પ્રસંગે વિચારીને, જરૂર હોય તો અને તેટલું જ બોલવું એ વાત સ્વીકારવામાં આવે છે. ગમે તેમ બોલ બોલ કરવું એ તો બટકબોલા કે બાંડાનું કામ છે. આ વાત દરેક માણસ સમજે છે અને સકારણ પ્રસંગે બોલવાનું ધારી બાકીના વખતમાં **બોલવા પર સંયમ** રાખે છે. તે જ પ્રમાણે પગ છે માટે ચાલવું જ જોઇએ એ વાત માન્ય થતી નથી. કારણસર ચાલવા માટે પગ છે, હેતુસર પ્રવૃત્તિ માટે પગનો ઉપયોગ છે એટલી વાત સ્વીકારીયે એટલે એનો ફલિતાર્થ એ થાય છે કે-પગ હોય એટલે **ચાલવું જ જોઇએ** એ વાત માન્ય નથી રહેતી. એ જ પ્રમાણે ખાવાની વસ્તુ હોય માટે **ખાવી જ જોઇએ** એ વાત માન્ય નથી. ભૂખ લાગેલી હોય, વસ્તુ પચે તેવી હોય, અંદરથી રૂચિ જાગી હોય તો ખાવાની વસ્તુ ખાવી એ વાત આપણને માન્ય છે.

તે પ્રમાણે **કામ**ના સંબંધમાં સમજવાનું છે. કામની ખાતર કોઇ સમજુ માણસ કામ કરે નહિ. કોઇ પ્રસંગ હોય, કોઇને વાયદો કર્યો હોય, કોઇ સાથે સોદો કર્યો હોય, કામ કરવાની ફરજ હોય તો જ કરવાનું રહે છે. બીજું કોઇ કામ નથી, વખત કાઢવાની જરૂર છે, માટે કરી નાખવું એ સાવ સમજણ વગરની વાત છે. આપણી પાસે તો શક્તિ કે આવડતનો ઉપયોગ કરવાનાં અનેક પ્રસંગો પડેલા હોય છે, એટલે એમાંથી લાભકારી ઉપકારી પ્રવૃત્તિ આપણે ઉપાડી લઇએ. બાકી કામ ખાતર જ કામ કરવું, કોઇ પણ જાતના હેતુ કે ઉદ્દેશ વગર કરવું, નવરાશના વખતનો ઉપયોગ કરવા કામ કરવું એમાં કુશળતા નથી.

સમજુ માણસ તો વિચાર કરે કે કામ કરવાનું કાંઇ કારણ નથી, તેની પાછળ કાંઇ વિશિષ્ટ હેતુ કે ફરજ નથી તો તે **કારણની ગેરહાજરી એ જ કામ ન કરવાનું કારણ છે.** આપણું જીવન મર્યાદિત છે, આપણે એમાં અનેક પ્રાગતિક કામો કરવાનાં છે, ઉપકારો કરવાના છે, જીવન સુધારણા કરવાના અનેક પ્રસંગો નોતરવા છે, બહલાવવા છે, પાર પાડવા છે; ત્યાં વળી હેતુ કે કારણ વગરનું કામ હાથ ધરી આપણી શક્તિ, સગવડ, આવડત અને વખતનો નિરર્થક વ્યય કેમ કરી નાખીએ ? કાંઇ નહિ તો શક્તિનો સંગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની પણ ઘણી જરૂર છે, તો પછી હેતુ-પરિણામશૂન્ય પ્રવૃત્તિ કરીએ કે જેવાં તેવાં કામમાં માથાં માર્યા કરીએ તે આપણને પોસાય પણ કેમ ? માટે એવા હેતુ વગરના કામમાં શક્તિનો વ્યય ન કરવો. સમજવું કે મુદ્દામ કારણ સદર કામ માટે નથી, એ જ એ કામ ન કરવાનું કારણ છે. એવા કામને ખોરંભે નાંખી દેવું, એવા કામ તરફ પરાંઙ્મુખતા દાખવવી, એવા કામ સામે નજર ન કરવી, એવા કામને અંગે વખત ન બગાડવો. સમજુ માણસ તો ક્ષણેક્ષણનો સાચો ઉપયોગ કરે, વખત પાસેથી પણ હિસાબ લે અને હેતુ વગર તરખલું પણ હલાવે નહિ. શક્તિ અને સમય વપરાયા પછી પાછા આવતાં નથી, માટે શક્તિનો સંગ્રહ કરવો. **મૌક્તિક**

When we have no good reason for doing a thing, we have one good reason for letting it alove. —**Thomas scott.**

# ગ્રંથ-સ્વીકાર.

૧. **યોગદૃષ્ટિસમુચ્ચય**—વિવેચનકાર અધ્યાત્મપ્રેમી ડૉક્ટર ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. મુંબઇ. પ્રકાશક તેમજ આર્થિક સહાયક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, મુંબઇ. ક્રાઉન આઠ પેજી સાઇઝનો આશરે સાડા આઠસો પાનાનો દળદાર ગ્રંથ, પાકું ને સુંદર બાઇંડીંગ, તેમજ આકર્ષક જેકેટ છતાં મૂલ્ય માત્ર રૂપિયા છ. પોસ્ટેજ અલગ. યોગ તેમજ અધ્યાત્મને લગતો આ ગ્રંથ ઉચ્ચ કોટિનો છે. વળી વિવરણકાર ડૉ. ભગવાનદાસભાઇએ પોતાની રોચક તેમજ હળવી છતાં સરલ શૈલીથી વિવેચન કર્યું હોવાથી સૌ કોઇને સમજવામાં સુગમ પડે તેમ છે. દરેકે વસાવવા તેમજ વાંચવા યોગ્ય ગ્રંથ છે. અમારે ત્યાંથી પણ મળી શકશે.

[ આ ગ્રંથને લગતી વિસ્તૃત સમાલોચના આવતા અંકે પ્રગટ કરવામાં આવશે. ]

૨. **જૈન દર્શન**—લેખક ન્યાયવિશારદ-ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ. પ્રકાશક મંત્રીઓ-શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા-પાટણ ( ગુજરાત ). સુધારાવધારા સાથેની આ આઠમી આવૃત્તિ સારા આકારમાં બહાર પાડવામાં આવી છે. જૈન દર્શનના પ્રાથમિક અભ્યાસમાં ઉપયોગી થઇ પડે તેવું આ પુસ્તક છે. આ પુસ્તકની આઠમી આવૃત્તિ તે જ તેની ઉપયોગિતા પૂરવાર કરે છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ. લગભગ ચારસો. મૂલ્ય રૂા. બે.

૩. **अर्हत्तिथिभास्कर**—પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ સંબંધમાં આ ગ્રંથ સારો પ્રકાશ પાડે છે. કાશીની વિદ્વત્સમિતિ તરફથી બહાર પાડવામાં આવ્યો છે તેમાં સંસ્કૃત તેમજ હિંદી ભાષામાં વિવરણ કરવામાં આવ્યું છે. પ્રાપ્તિસ્થાન-શાસ્ત્રાર્થ મહાવિદ્યાલય, મીરઘાટ-કાશી.

૪. **શ્રી-નીતિબોધક ગરબાવળી**—શ્રીમદ્ રાજચંદ્રે બનાવેલ કૃતિઓનો સંગ્રહ છે, જેને ચાર નાના નાના ભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે. પ્રકાશન સારૂં છે. મૂલ્ય છ આના. પ્રાપ્તિસ્થાન શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુમંડળ-અગાસી ( વાયા આણંદ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**૫. સ્વાધ્યાયમંજરી**—સંપાદક સાહિત્યપ્રેમી શ્રી મગનલાલ મોતીચંદ શાહ–સુરેન્દ્રનગર. પાંચ ખંડમાં ઉપયોગી હકીકતોનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે. નામ પ્રમાણે સ્વાધ્યાય કરવામાં ઉપયોગી છે. પ્રાપ્તિસ્થાન–હરખચંદ દેવશીભાઇ–સુરેન્દ્રનગર. મૂલ્ય અમૂલ્ય.

**૬. "Vedic gods"–V–Rudra–Kali** ( Part 2nd )–લેખક શ્રીયુત્ હીરાલાલ અમૃતલાલ શાહ–મુંબઇ. આ નાની ઇંગ્લિશ ટ્રેક્ટમાં ઉપરોક્ત વિષયને સ્પર્શતું સુંદર વિવેચન કરવામાં આવેલ છે. ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટટીયુટ–પુના તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

**૭. महान् आचार्य आर्य कालक**—શ્રી વર્માજીએ રચેલ "હંસ–મયૂર" નામક નાટકમાં સાધ્વી સરસ્વતી પરત્વે જે આક્ષેપાત્મક લખાણ કરેલ તેના સચોટ પ્રત્યુત્તરરૂપે જાણીના જૈન લેખક "શ્રી જયભિખ્ખુ"એ આલેખેલ ટ્રેક્ટ, આ વિષયમાં સુંદર પ્રકાશ પાથરે છે. આવા આક્ષેપાત્મક લખાણોનો પ્રતિકાર અવશ્ય થવો જોઇએ. લેખકનો પ્રયત્ન પ્રશંસાપાત્ર છે.

**૮. સંક્ષિપ્ત પ્રાકૃતરૂપમાલા:**—સંપાદક: મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ. પ્રકાશક: ઝવેરચંદ રામાજી શાહ–નવસારી. ક્રાઉન સોળ પેજી ૧૧૨ પેજ મૂલ્ય ૧–૦–૦ પ્રાકૃતના અભ્યાસીઓને ઉપયોગી છે. શબ્દો તથા ધાતુનાં રૂપો આપવામાં આવ્યાં છે. સંપાદક મુનિરાજનો પ્રયાસ સ્તુત્ય છે.

**૯. રામબાણ ઉપાય**—સંપાદક તથા પ્રકાશક: શ્રી શશીકાંત જેઠાલાલ વકીલ અમરેલી. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૯૬, મૂલ્ય ૦–૮–૦, પોષ્ટમાં મંગાવનારા માટે ૦–૧૦–૦ આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ જ એની ઉપયોગિતા સૂચક છે. ટૂંકા પણ બોધપ્રદ અને સરળ શૈલિનાં લખાણોને મુમુક્ષુ આત્માઓ મનનપૂર્વક વિચારશે. તો ઘણું શ્રેય સાધી શકશે.

**૧૦. પંચ કલ્યાણક પૂજા:**—રચયિતા પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પ્રકાશક: શાહ છોટાલાલ કસ્તુરચંદ ઠે, પાંજરાપોળ–અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૨૮ પેજ મૂલ્ય ૦–૪–૦. ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામીની પંચકલ્યાણક પૂજા અને સ્તવન સંગ્રહ છે. પ્રયાસ સારો છે.

**૧૧. આદર્શ સજ્ઝાયમાલા:**—રચયિતા: પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પ્રકાશક: શાહ કાંતિલાલ પ્રેમચંદ વાસણવાળા ખંભાત. ક્રાઉન સોળ પેજી ૩૮ પેજ. નૂતન ઢબના રાગોમાં સજ્ઝાયોની ગુંથણી કરવામાં આવી છે. પ્રયાસ સુંદર છે.

**૧૨. શ્રીમહાવીરસ્વામી પંચકલ્યાણક સ્તવનાદિ સંગ્રહ**–બહેન ચંદ્રાના સ્મરણાર્થે શ્રી દીપચંદ જીવણલાલ શાહ, ગાંધી ડેલા, ભાવનગર તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે. ઉપયોગી સ્તવનોનો સંગ્રહ છે. મૂલ્ય અમૂલ્ય.

**૧૩. શ્રી વૈરાગ્યશતક**—( બીજી સુધારેલી આવૃત્તિ ) કવિરત્ન આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ. આ પુસ્તકમાં આઠ વિષયો પર સુંદર વિવેચન કરેલ છે. સંસારની અસારતા દર્શાવતું આ પુસ્તક ઉત્તમ કોટિનું છે. આત્મપ્રિય લોકોને વાંચન તથા મનન માટે અત્યંત ઉપયોગી છે. સામાયિકમાં સ્વાધ્યાય કરવા લાયક આ પુસ્તક દરેકે અવશ્ય વાંચવાની ભલામણ કરવામાં આવે છે. બહાર પડેલી બીજી આવૃત્તિ જ તેની ઉપયોગિતા પુરવાર કરે છે. સાથોસાથ આત્મનિંદાદ્વાત્રિંશિકા અને દષ્ટાંતાવલિ પદ્યાકારે આપવામાં આવેલ છે. કિંમત ૧–૪–૦. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**૧૪-૧૫. દુર્લભ કાવ્ય કલ્લોલ**—ભાગ ૧ તથા ૨. રચયિતા તેમજ પ્રકાશક: કવિ દુર્લભદાસ ગુલાબચંદ મહેતા-વળા. આ બંને ભાગોમાં હિતકારક અનેક વસ્તુઓની ગુંથણી કરવામાં આવેલ છે. વ્યવસ્થિત ચાલતી લાઇબ્રેરીઓને બંને ભાગો ભેટ આપવાના છે. જરૂર હોય તેમણે શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ–ભાવનગર એ શિરનામે પત્ર લખવો.

## ખેદકારક સ્વર્ગવાસ.

વાચનાચાર્ય શ્રીમદ્ વિજયમાણિક્યસિંહસૂરિજી મહારાજ ખેડા મુકામે ઊંડીવાટના ઉપાશ્રયે ગત માગશર શુદિ ૧૪ ના રોજ હાર્ટફેલના કારણે સાંજના પાંચ કલાકે સ્વર્ગવાસી થયા હતા. તેઓશ્રીએ ૧૯૪૩ માં ચારિત્ર અંગીકાર કરેલ અને ચોસઠ વર્ષ પર્યંત દીર્ઘ સંયમ-યાત્રા વહન કરી શાસનહિતનાં અનેક કાર્યો કરેલ. તેઓશ્રીએ રચેલ શ્રી મહાવીર પંચ કલ્યાણક પૂજા તો અતિપ્રિય થઇ પડી હતી. સ્વર્ગસ્થના માનને છાજે તેવી રીતે ખેડા સંઘે પાલખી બનાવી અગ્નિસંસ્કાર કર્યો હતો અને સમસ્ત શહેરે પાખી પાળી હતી. સ્વર્ગસ્થના આત્માને શાસનદેવ પરમ શાંતિ અર્પે તેમ અમો ઇચ્છીએ છીએ.

## ખેદકારક પંચત્વ.

ભાવનગરનિવાસી ભાઇ છોટાલાલ પ્રેમચંદ ગત માગશર શુદિ ૧૦ ના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્‌ગત ભાઇ સ્વભાવે મિલનસાર અને ધાર્મિક વૃત્તિના હતા. સભાના વર્ષોથી વાર્ષિક સભાસદ હતા અને સભાના દરેક કાર્યોમાં ઉલટભેર ભાગ લેતા હતા. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.


મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજીકૃત

**યોગદૃષ્ટિસમુચ્ચય**

**ક્રાઉન આઠ પેજી સાઇઝ, સાડા આઠસો પૃષ્ઠ, સુંદર જેકેટ અને આકર્ષક બાઈંડીંગ, છતાં મૂલ્ય માત્ર રૂપિયા છ.**

વિવેચનકાર–**ડોકટર ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા** M. B. B. S.

ઉપરોક્ત લેખકની સરલ, સુંદર અને સુવાસિત લેખિનીથી "પ્રકાશ"નો વાચક અજાણ્યો નથી. પડતર કિંમત તો વિશેષ થવા છતાં માત્ર પ્રચારાર્થે અને વિશેષ સંખ્યામાં લાભ લઈ શકે તે માટે અલ્પ મૂલ્ય રાખેલ છે. યોગ તથા અધ્યાત્મના પ્રેમીએ ખાસ વસાવવા જેવો ગ્રંથ છે.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા - ભાવનગર


For Private And Personal Use Only